## આકાશમાં ટચુકડા વિમાનો અને જમીન ઉપર રખડુ શ્વાનનો ત્રાસ

# અમરેલી શહેરમાં સતત ધ્વનિ પ્રદુષણનો માહોલ

**અધુરામાં પુરૂ ટુ વ્હીલરથી લઈને લકઝરી બસ અને ટ્રકનાં હોર્નનો મોટો અવાજ પણ ધ્વનિ પ્રદુષણ ફેલાવે**

**શહેરીજનોનાં માનસિક આરોગ્ય ઉપર સતત ધ્વનિ પ્રદુષણથી ખતરો**

**કોઈ પદાધિકારી કે અધિકારી ધ્વનિ પ્રદુષણની સમસ્યાનું નિરાકરણ કરતા નથી**

**દેશનાં બંધારણે પણ દેશવાસીને શાંતિથી રહેવા ફરવાનો અધિકાર આપેલ છે તેની પણ અવગણના**

અમરેલી, તા. ૧

અમરેલી પંથકમાં ઔદ્યોગિક વિકાસનાં અભાવે વાયુ પ્રદુષણ તો નથી પરંતુ, ધ્વનિ પ્રદુષણ હદ વટાવી રહ્યું છે અને આશ્ચર્ય એ બાબતનું છે કે એક પણ પદાધિકારી, અધિકારી કે સામાજિક કાર્યકર્તા કે સંસ્થાને ધ્યાને આ ધ્વનિ પ્રદુષણ ચડયુ નથી અને શહેરીજનો ધ્વનિ પ્રદુષણને લઈને સતત માનસિક અશાંતિનો ભોગ બની રહ્યા છે.

અમરેલી પંથકમાં જમીનથી લઈને આકાશ સુધી ધ્વનિ પ્રદુષણનો માહોલ છવાયો છે. જમીન ઉપર રખડુ શ્વાન રાઉન્ડ ધ કલોક ભસ્યા કરતાં હોય શહેરીજનો તોબા પોકારી ગયા છે. શિયાળાની ઠંડીનાં માહોલમાં રાત્રિનાં સમયે રખડુ શ્વાન ભસ્યા કરતાં હોય સૌ પરેશાન છે.

દરમિયાનમાં છેલ્લા થોડા મહિનાથી પાયલોટ ટ્રેનિંગ સેન્ટર શરૂ થતાં ટચુકડા વિમાનો દિવસ–રાત શહેર ઉપરથી થોડા–થોડા સમયનાં અંતરે પસાર થતાં હોય તેનો અવાજ પણ માથાનાં દુઃખાવારૂપ બન્યો છે.

તદ્‌ઉપરાંત, શહેરમાં ટુ–વ્હીલરથી લઈને લકઝરી બસ, ટ્રકમાં લાગેલ નિયમ વિરૂધ્ધનાં હોર્નથી પણ ધ્વનિ પ્રદુષણ વધી રહ્યું છે. શહેરમાં ટ્રાફિક પોલીસ કે આરટીઓ પાસે ખિયમ વિરૂધ્ધ વાગતાં હોર્નનાં વાહનો સામે કાર્યવાહી કરવાનો સમય નથી. તો પાલિકા પાસે રખડુ શ્વાન પકડવાની કોઈ નીતિ જોવા મળતી નથી અને ટચુકડા વિમાનની સમસ્યાનું નિરાકરણ દેશનાં પાટનગરમાંથી થવાની સત્તા હોય પણ દિલ્હી દરબારમાં જનહિતમાં રજૂઆત કરી શકે તેવા નેતૃત્વનો અભાવ જોવા મળી રહ્યો હોય. અમરેલી પંથકની ૨ લાખની જનતાની ધ્વનિ પ્રદુષણથી માનસિક સ્થિતિ ખરાબ બની રહી છે તે બાબત હકીકત છે.

---

## એસપીની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# અમરેલી અને રાજકોટ જિલ્લામાંથી પશુધનની ચોરી કરનાર ગેંગને પોલીસે ઝડપી લીધી

**જુદી–જુદી ૭ ચોરીની ઘટનાનું રહસ્ય ખુલ્યુ**



અમરેલી, તા. ૧

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં પશુઓની ચોરીના વધતાં બનાવને આવા ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા કરવા અમરેલી એલસીબી ટીમને જરૂરી સુચના આપેલ હોય ત્યારે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલસીબી ટીમ દ્વારા ચોક્કસ માહિતી મેળવી પશુધનની ચોરી કરનાર ગેંગના સભ્યોને વાહન સાથે ઝડપી લઈ, પશુધન ચોરીમાં ઉપયોગ કરેલ કાર નં. જીજે–૦૩ એનબી–૫૮૫૫ કિંમત રૂપિયા ૨,૮૦,૦૦૦ તથા રોકડા રૂપિયા ૨૮,૦૦૦, એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ ૨ કિંમત રૂપિયા ૧૨,૦૦૦ મળી કુલ કિં. રૂા. ૩,૨૦,૦૦૦ના મુદ્દામાલ સાથે રોકડ રકમ, મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ સાથે જસદણ તાલુકાના આટકોટ ગામે આવેલ કૈલાસનગરમાં રહેતા અક્ષય જાનીભાઈ સાઢમીયા, વડીયા તાલુકાના નાના ઉજળા ગામે રહેતા રણજીત કાંતીભાઈ વાઘેલા તથા વડીયા તાલુકાના સનાળી ગામે રહેતા સુનીલ ગોપાલભાઈ વાઘેલાને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનવાની વિગત એવી છે કે, આશરે આઠેક દિવસ પહેલા રાત્રીના સમયે પકડાયેલ આરોપી ફોરવ્હીલ ગાડી લઈને વડીયા તાલુકાના સનાળા ગામે રાત્રીના સમયે ગયેલ હતાં. ત્યાં રોડની બાજુમા આવેલ એક મકાનમાં બેલાની દીવાલના બેલા નીચે ઉતારી અને ફરજામા મોલઢોર સાથે બાંધેલ હોય જે ફરજામાંથી એક પાડીની ચોરી કરી, ફોરવ્હીલ ગાડીમા ભરી ચોરી કરેલ હતી.

આરોપીઓએ તે જ રાત્રીના વડીયા તાલુકાના સનાળા ગામમા લાખાપાદર ગામ તરફ જવાના રસ્તે ગેઈટ પાસે રોડની બાજુના મકાને ફરજાનો ઝાપો ખોલી, તેમા માલઢોર સાથે બાંધેલ હોય જે માલઢોરમાંથી એક પાડાને સાંકળમાંથીછોડી લઈ ફોરવ્હીલ ગાડીમાં ભરી તેની ચોરી કરેલ હતી.

વડીયા તાલુકાના સનાળા ગામેથી ચોરી કરી એ જ રાત્રીના આશરે અઢી વાગ્યાના અરસામા રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના મોટા સખપર ગામે રોડની બાજુમા વંડામા માલઢોર બાંધેલ હોય તેમાથી બે પાડીઓને સાંકળ થી બાંધેલ હોય તેને છોડી લઈ ફોરવ્હીલ ગાડીમાં ભરી તેની ચોરી કરી લીધેલ અને બાદમાં ઉપરોકત ચોરીઓ કરેલ પાડી તથા પાડાને આટકોટ ખાતે લઈ ગયેલ હતાં. અને બાદમાં જસદણ ખાતે ખાટકીવાડમાં રહેતા મહમદ હુસેનભાઈ કટારીયા વહેચી દીધેલ હતા.

બાદમાં આશરે દસેક દિવસ પહેલા પકડાયેલ આરોપી અક્ષય તથા તેનો બનેવી હિતેષ ઉર્ફે જીતેશ કાંતીભાઈ વાઘેલા (રહે. આટકોટ) વાળા બંન્નેએ સાથે મળી ફોરવ્હીલ લઈ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના લાલકા ગામે ગયેલ હતાં. ત્યાં મંદીર તરફ જવાના રસ્તે વાડી ખેતરમાં ખુલ્લામાં માલઢોર બાંધેલ હતાં. તેમાથી એક પાડીને સાંકળમાંથી છોડી તેની ચોરી કરી ફોરવ્હીલ ગાડીમાં ભરી લીધેલ હતી.

આ ચોરી કરી ત્યાંથી નીકળી બાબરા તાલુકાના વાંકીયા ગામે નીલવડા ગામ તરફ જતા રોડની બાજુમા ખુલ્લા ખેતરમા માલઢોર બાંધેલ હોય, તેમાંથી પણ એક પાડીને સાંકળમાંથી છોડી લઈ તેની ચોરી કરી ફોરવ્હીલ ગાડીમા ભરી લીધેલ હોવાની હકિકત જણાવેલ હતી.

આ બન્ને ચોરીઓ કર્યા બાદ ત્યાંથી નીકળી જસદણ તાલુકાના ગોખલણા ગામે રોડની બાજુમા આવેલ વાડી ખેતરમા માલઢોર બાંધેલ હોય તેથી પણ એક પાડીને સાંકળથી બાંધેલ હોય તે પાડીની ચોરી કરી ફોરવ્હીલમાં ભરી લઈ આટકોટ ખાતે લઈ ગયેલ અને બાદમાં જસદણ ખાતે ખાટકીવાડમાં રહેતા મહમદહુસેનભાઈ કટારીયા વહેચી દીધેલ હતી.

આશરે પચીસેક દિવસ પહેલા પકડાયેલ આરોપી અક્ષય તથા તેનો બનેવી હિતેષ ઉર્ફે જીતેશ કાંતીભાઈ વાઘેલા વાળા બંન્નેએ સાથે મળી ફોરવ્હીલ લઈ આશરે દોઢ–બે વાગ્યા આસપાસ વિર્છીયા તાલુકાના દડલી ગામથી ગુંદાળા ગામ તરફ જતા રોડે, એક વાડી ખેતરે ફરજામાં માલઢોર બાંધેલ તેમાંથી એક પાડીને સાંકળમાંથી છોડી લઈ, તેની ચોરી કરી ગાડીમા ભરી અને આટકોટ લઈ ગયેલ અને બાદમાં જસદણ ખાતે ખાટકીવાડમાં રહેતા મહમદહુસેનભાઈ કટારીયા વહેચી દીધેલ હોવાની કબૂલાત આપેલ હતી.

પકડાયેલ આરોપીઓ તથા તેમના સાગરીતો સાથે ગામડાઓમાં તેમજ વાડી ખેતરોમાં ફરજામાં રાખવામાં આવતા પશુધનની પ્રથમ જગ્યાઓ જોઈ બાદમાં પોતાના હવાલાની રાત્રે કાર કારમાં આવી, ભેંસના નાના બચ્ચાઓ પાડા પાડીઓની ચોરીઓ કરી લઈ કારમાં ભરી લઈ જતા હતા, જસદણ ખાતે ખાટકીવાડમાં રહેતા મહમદ હુસેનભાઈકટારીયા વહેચી નાખતા હતા.

---

## નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં

# અમરેલી જિલ્લાના નાગરિકોએ વર્ષ ૨૦૨૬ના પ્રથમ સૂર્યકિરણને યોગ અને ધ્યાન દ્વારા વધાવ્યું

**જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા સૂર્ય નમસ્કારનો અભ્યાસ કરવામાં આવ્યો**





અમરેલી, તા. ૧

વર્ષ ૨૦૨૬ના પ્રથમ સૂર્યકિરણને રાજયના નાગરિકોએ સૂર્યનમસ્કાર અને ધ્યાન દ્વારા ભાવપૂર્ણ રીતે વધાવ્યું. ગુજરાત રાજય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ આયોજિત ' નવા વર્ષના પ્રથમ સૂર્યકિરણને નમસ્કાર' કાર્યક્રમમાં અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયના અને દેશ–વિદેશમાંથી એક લાખથી વધુ નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તથા ગુજરાત રાજય યોગ બોર્ડના અધ્યક્ષ શીશપાલસિંહની વર્ચ્યુઅલ ઉપસ્થિત રહી નાગરિકોને પ્રેરિત કર્યા હતા. અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ સહિત જિલ્લાના નાગરિકોએ સૂર્ય નમસ્કાર દ્વારા પ્રથમ સૂર્યકિરણને વધાવ્યું હતું.

૦૧ જાન્યુઆરી, ૨૦૨૬ના પ્રથમ સૂર્યોદયને વધાવવા માટે યુવાનોએ યોગ અને સૂર્ય ઉપાસનાના માધ્યમથી નવા વર્ષનો મંગલ અને સંસ્કારસભર પ્રારંભ કર્યો હતો. આ અવસરે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, 'સૂર્યકિરણ સાથેની નવા વર્ષની તંદુરસ્ત શરૂઆત યુવાનોના સ્વાસ્થ્ય, સંયમિત જીવનશૈલી અને પ્રગતિ માટે આશીર્વાદરૂપ બનશે.'

અમરેલી ખાતે પોતાના નિવાસ સ્થાનેથી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે પણ સૂર્ય નમસ્કારનો અભ્યાસ કર્યો હતો. રાજયમાં ચાલી રહેલા યોગ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાંથી કુલ ૩,૪૮૯ નોંધણી થઈ હતી. આ સિધ્ધિ જિલ્લાના યોગ ટ્રેનરો, સંકલનકર્તાઓ તથા યોગપ્રેમી નાગરિકોના સંયુક્ત અને નિષ્ઠાવાન પ્રયત્નોનું પરિણામ છે.

શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં યોગ પ્રત્યે વધતી જાગૃતિ અને સક્રિય જનસહભાગિતા અમરેલી જિલ્લાના સકારાત્મક આરોગ્ય અભિગમને પ્રતિબિંબિત કરે છે. રાજયના અનેક મોટા જિલ્લાઓની સરખામણીએ અમરેલી જિલ્લાનો નોંધણી દર પ્રશંસનીય રહ્યો છે. આ ભાગીદારી 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનને વધુ મજબૂતી આપે છે. તેમ અમરેલી જિલ્લા ગુજરાત રાજય યોગ બોર્ડના કો– ઓર્ડિનેટરએ એક યાદીમાં જણાવ્યું છે.

**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

---

## ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર

# જાફરાબાદનાં છેલણા ગામે કાર ચાલકે હડફેટે લેતાં બાઈકમાં સવાર ૨ વ્યકિતને ઈજા

**ફરાર થયેલ કાર ચાલકને પોલીસે ઝડપી લીધો**



અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લમાં છેલ્લા થોડા મહિનાઓથી માર્ગ અકસ્માતની સતત ઘટના સામે આવી રહી છે અને જિલ્લામાં સારા અને ખરાબ બંને માર્ગો વાહન અકસ્માત માટે નિમિત બની રહ્યા છે.

દરમિયાન ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર જાફરાબાદનાં છેલણાં ગામ નજીક અજાણ્યા કાર ચાલકે હડફેટે લેતા બાઈકમાં સવાર ૨ વ્યકિત ઈજાગ્રસ્ત થતા બંનેને સારવારમાં ખસેડેલ છે અને ફરાર થયેલ કાર ચાલકને પોલીસે ટીંબી નજીકથી ઝડપી લીધેલ છે.

---

# બાબરા ભાજપના અગ્રણીઓએ પ્રદેશ ભાજપ કિસાન મોરચાના નવનિયુક્ત પ્રમુખ હિરેનભાઈ હીરપરાનું સન્માન કર્યુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી ખાતે જિલ્લા ભાજપ દ્વારા આયોજિત સત્કાર સન્માન કાર્યક્રમમાં બાબરા નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા,શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા,મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, ઉપપ્રમુખ પ્રતાપભાઈ ખાચર,ધર્મેશભાઈ વાવડીયા, દેવશીભાઈ મારૂ, મુકેશભાઈ પીપળવા,રાજુભાઈ રંગપરા,વાંડળીયા સરપંચ લલિતભાઈ વેકરિયા, સહિતના ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહી પ્રદેશ ભાજપ કિસાન મોરચાના નવનિયુક્ત પ્રમુખ હિરેનભાઈ હીરપરાનું ભવ્ય સન્માન કર્યુ હતું.

## ગાંધીનાં ગુજરાતમાં એનએસયુઆઈ દ્વારા શાળા-કોલેજમાં કેમ્પેઈનનો આજથી પ્રારંભ

# યુવાનો લેશે પ્રતિજ્ઞા "હું ડ્રગ્સ લઈશ નહી કે લેવા દઈશ નહી"

### ગુજરાતનાં ભવિષ્યને ડ્રગ્સ પોતાના ભરડામાં લઈ રહ્યું હોય ડ્રગ્સ વિરૂધ્ધ લડાઈ એ સૌની નૈતિક ફરજ

અમદાવાદ, તા. ૧

ગુજરાતમાં ચાલતા ડ્રગ્સ, દારૂનો બેફામ વેપલાને રોકવા અને શાળા, કોલેજનાં કેમ્પસને ડ્રગ્સ મુકત કેમ્પસ બનાવવાના સંકલ્પ સાથે એનએસયુઆઈના કેમ્પેઈનની વિગત અંગે એનએસયુઆઈના પૂર્વ પ્રમુખ મહિપાલસિંહ ગઢવીએ પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે ગુજરાતમાં બેરોકટોક ડ્રગ્સના કાળા કારોબાર અંગે લડત ચલાવશે.



ગામડાઓ અને કોલેજ સુધી ડ્રગ્સ પહોંચ્યી ગયું છે. ગુજરાતના ભવિષ્યને ડ્રગ્સ પોતાના ભરડામાં લઈ રહ્યું છે. એનએસયુઆઈ પોતાની નૈતીક ફરજ સમજીને આ લડાઈ શરૂ કરી રહી છે. 'ડ્રગ્સ મુકત કેમ્પસ' ના નેજા હેઠળ આ અભિયાન અમે શરૂ કરવા જઈ રહ્યા છે. ડ્રગ્સના અલગ અલગ પ્રકાર છે જે કોલેજ કેમ્પસમાં આસાનીથી મળે છે. ડ્રગ્સ પેડલર છટકબારી શોધીને કોલેજ કેમ્પસમાં પહોંચી રહ્યા છે. ૧૭૦૦થી વધારે ડ્રગ્સના કેસ નોંધવામાં આવ્યા જેમાં કન્વિકશન રેશિયો ખૂબ ઓછો છે. સરકાર જનતાને આંકડાની માયાજાળ માં ફસાવવાનું કામ કરી રહી છે. નાના પેડલરોને પકડીને આત્મસંતોષ માની લેવાનું કામ સરકાર કરી રહી છે.

### ગાંધીનાં ગુજરાતમાં દારૂ બાદ હવે ડ્રગ્સનાં વેપલાને રોકવા કેમ્પેઈનની શરૂઆત

પોર્ટના માધ્યમથી આવે છે તો એમની સામે પગલાં લો, એમની આંખમાં આંખ નાખીને બોલવાની હિંમત સરકારમાં નથી. બિનવારસી જથ્થો મળી આવે એવું કેવી રીતે હોય, આ જથ્થો કોનો હતો ? તે સવાલ ગુજરાતનો યુવાન પૂછી રહ્યો છે. સરકાર ઉંડાણપૂર્વક તપાસ થાય તે જરૂર છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત એનએસયુઆઈના પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે

### રાજયમાં ૧૮ થી ૨૫ વર્ષનાં ૨૦ લાખ યુવાનો ડ્રગ્સ-દારૂનાં બંધાણી બન્યા છે : નરેન્દ્ર સોલંકી

આ રાજકારણનો વિષય નથી પણ આ મુદ્દાને નાથવા માટે અમે આગળ આવ્યા છીએ. નવા વર્ષે ગુજરાત એનએસયુઆઈનો સંકલ્પ 'ડ્રગ્સ મુકત કેમ્પસ' થકી ગુજરાત અને કોલેજમાં 'ડ્રગ્સ મુકત કેમ્પસ' ચાલુ કરવામાં આવશે. તમામ કેમ્પસના યુવાનો 'હું ડ્રગ્સ લઈશ નહીં કે લેવા દઈશ નહીં' તેવી પ્રતિજ્ઞા લેશે. ૧૮ થી ૨૫ વર્ષના યુવાનો ડ્રગ્સના રવાડે ચઢી રહ્યા છે. ગુજરાતમાં ૨૦ લાખ યુવાનો ડ્રગ્સ-દારૂનાં બંધાણી બન્યા છે જે ખુબ ચિંતાજનક છે. ગુજરાતના યુવાનોને ડ્રગ્સથી દૂર રાખવા માટેનો અમારો પ્રયાસ છે. આવતીકાલે ઠાકોરભાઈ દેસાઈ હોલમાં ૨ વાગ્યે ડ્રગ્સ વોરિયર આવશે. તા. ૫ થી ૨૦ જાન્યુઆરી સુધીમાં ૧૦૦૦ કેમ્પસમાં અમારા વોરિયર ડ્રગ્સથી દૂર રાખવા માટે અવેરનેસ કેમ્પેઈન ચલાવશે. ગુજરાતના જુદા જુદા કેમ્પસમાં ટ્રસ્ટીઓ અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા

### એનએસયુઆઈ દ્વારા ડ્રગ્સ મુકત કેમ્પસ માટેનું સત્તાવાર પોસ્ટર અને લોગો સાથે ટી-શર્ટ રીલીઝ

કરી છે અને તેમણે પણ તૈયારી બતાવી. કેટલાક એવા પણ છે કે તેમણે આ કાર્યક્રમો ના કરવાની વાત કહી છે તો એમની સામે સવાલ પણ છે અને આશ્ચર્ય પણ આ વ્યકિતગત કે રાજકીય મુદ્દો નથી, જેમાં બધા યુવાનો જોડાય. વિદ્યાર્થીઓ સાથે જેણે ચર્ચા કરશે અને અમારો વીડિયો યુવાનો અને માતા પિતા સુધી પહોંચાડીશું.

'ડ્રગ્સ મુકત કેમ્પસ' અન્વયે યોજાયેલ પત્રકાર પરિષદમાં અમદાવાદ શહેર એનએસયુઆઈના પ્રમુખ ચિરાગ દરજી, પ્રદેશ એનએસયુઆઈનાં હોદ્દેદાર નારણ ભરવાડ, વેદાંત તોમર, આશિષ કટારિયા સહિતના પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા. એનએસયુઆઈ દ્વારા ડ્રગ્સ મુકત કેમ્પસ માટેનું સત્તાવાર પોસ્ટર અને લોગો સાથેનું ટી-શર્ટ રીલીઝ કરવામાં આવ્યું હતું.

## અમરેલી-ખીજડીયા રેલવે લાઇન પર (ઈરીયા ફાટક) પરથી પસાર થતા વાહનો માટે રૂટ ડાયવર્ટ

અમરેલી, તા. ૧

અમરેલી-ખીજડીયા રેલવે લાઈન પર આવેલા રેલવે એલ.સી. નં. ૧૬ (ઈરીયા ફાટક) ખાતે રેલવે વિભાગ દ્વારા આર.સી.સી. બોક્સ તથા નવા એપ્રોચ રોડનું કામ હાથ ધરવામાં આવ્યું હોવાથી અહીંથી પસાર થતાં વાહનોને હાયવર્ટ કરવા માટે વૈકલ્પિક રૂટનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દિલિપસિંહ ગોહિલ એ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ - ૩૩ (૧) (બી) હેઠળ મળેલી સત્તાની રૂએ પ્રસિદ્ધ કરેલા જાહેરનામા મુજબ વૈકલ્પિક રૂટ-૧ અનુસાર ઈરીયાથી નાના માચીયાળા તરફ જતા વાહનોએ ઈરીયા-લાઠી ચોકડી-અમરેલી બાયપાસ રોડ-લાઠી ચોકડી-ઈરીયા રૂટ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૨ મુજબ નાના માચીયાળાથી ઈરીયા તરફ જતા વાહનોએ નાના માચીયાળા-અમરેલી બાયપાસ રોડ-લાઠી ચોકડી-ઈરીયા રૂટ પરથી પસાર થવાનું રહેશે.

આ જાહેરનામું ૨૫/૧/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલ ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ફેશન પરિધાનના શોખીન બહેનો માટે ખુશ ખબર... ખુશ ખબર...
આધુનીક અને આજની ફેશનને અનુરૂપ ફેશનેબલ વસ્ત્રો બનાવવા માટે હવે અન્ય શહેરોમાં ન જતાં આપનાં અમરેલીમાં જ "રાધે લેડીઝ ટેઈલર & ડીઝાઈનર" આપની પસંદગીની ડીઝાઈનોમાં અત્યાધુનિક ફેશનબલ વસ્ત્રો બનાવી આપશે
રાધે લેડીઝ ટેઈલર & ડીઝાઈન
વૃંદાવન પાર્ક-૪, એસ.ટી.ડીવીઝન સામે, લાઠી રોડ - અમરેલી
મો.૬૩૫૫૫ ૭૬૯૯૯

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વૉટરપ્રુફ રિચાર્જેબલ બ્લુટૂથ ટેકનોલોજી AI ટેકનોલોજી બેસ્ટ સાઉન્ડ કવોલિટી વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
વેલ્ડીંગ, ફેબ્રીકેશન અને એન્જીનીયરીંગ વર્ક માટે
વેલ્ડર - હેલ્પરની ભરતી
કામના કલાક: સવારે ૮:૪૫ થી બપોરે ૧: ૪૫, બપોરે ૨:૪૫ થી સાંજે ૭:૪૫
વેતન/કલાક: વેલ્ડર વેતન પ્રતી કલાક : રૂા. ૫૦/- હેલ્પર વેતન પ્રતી કલાક : રૂા. ૩૫/- PF કાપવાપાત્ર રહેશે. ALL FEBRICATION SOLUTIONS
આવતા પહેલા CV રીઝ્યુમ વોટ્સએપ કરી દેવું.
મહાજન ફેબ્રીકેશન
મહારાષ્ટ્રીય સમાજ પાસે, ભાવકા ભવાની મંદિર પાસે, ચિત્તલ રોડ, અમરેલી.
95 86 86 0123

HONDA YEAR END MEGA OFFERS BUY NOW
DISCOUNT ₹6500* ₹3500* ₹4000* ₹3500*
Parikh Honda LIMITED STOCK
Opp. Railway Station Road, Station Road, Amreli-365 601 (02792) 226201 / 226202

MARUTI SUZUKI The Victorious Journey Begins... VICTORIS PRICE STARTS AT 10.49 LAKHS
BOOK YOUR VICTORIS TODAY!
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA Revs Your Heart BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132 GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
ડૉ. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી

Hero Happy NEW YEAR 2026
Navnit Hero ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી. Mo. +91 92899 22254

### ભાજપ માટે મોકો અને વિપક્ષ માટે પડકાર

# ૨૦૨૬માં પાંચ રાજ્યોમાં યોજાશે વિધાનસભા ચૂંટણી

### ૫ રાજ્યો આસામ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી, તમિલનાડુ અને કેરળમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે

નવી દિલ્હી, તા.૧

વર્ષ ૨૦૨૬ ભારતીય રાજકારણ માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. આગામી થોડા જ મહિનામાં દેશના ૫ રાજ્યો આસામ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી, તમિલનાડુ અને કેરળમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે. આ ચૂંટણી ભલે વિધાનસભા માટે છે, પરંતુ તે રાષ્ટ્રીય રાજકારણને પણ ખૂબ મજબૂતીથી પ્રભાવિત કરશે. એક તરફ ભારતીય જનતા પાર્ટી પોતાની સત્તાને ઘણા નવા રાજ્યોમાં સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે, તો બીજી તરફ વિપક્ષ ખાસ કરીને કોંગ્રેસ અને પ્રાદેશિક પક્ષો, દેશના સૌથી મોટા પક્ષને કોઈપણ તક આપવા નથી માગતા. આ વિધાનસભા ચૂંટણીઓ એ પણ જણાવવામાં સફળ થશે કે, મોદી સરકારની નીતિઓ કેટલી અસરકારક છે અને વિપક્ષ કેટલું એકજૂટ છે. તો ચાલો એક-એક કરીને આ રાજ્યોની હાલની સરકાર, રાજકીય પરિસ્થિતિ અને ચૂંટણીના મહત્વ પર નજર કરીએ.

૧. પશ્ચિમ બંગાળમાં મમતા સામે મોટો પડકાર : પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસની સરકાર છે, જેને ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં ૨૧૩ બેઠકો જીતી અને ૪૮% વોટ શેર હાંસલ કર્યો હતો. મમતાની લોકપ્રિયતા અને કલ્યાણકારી યોજનાઓ તેમની શક્તિ છે, પરંતુ આર્થિક પડકારો અને સત્તા વિવાદો તેમની સરકાર પર ભારે પડી શકે છે. ભાજપ ૨૦૨૧માં ૭૭ બેઠકો સુધી પહોંચી હતી અને હવે બિહારમાં મોટી જીત બાદ ખૂબ આક્રમક છે. કોંગ્રેસ અહીં નબળી પડી ગઈ છે અને નેતૃત્વના અભાવનો સામનો કરી રહી છે. જો ભાજપ બંગાળમાં કંઈક સારું કરે છે, તો તે તેની રાજનીતિ માટે એક ઘણો મોટો બૂસ્ટ સાબિત થઈ શકે છે. બીજી તરફ ટીએમસીની હાર તેને તે પ્રાદેશિક પાર્ટીઓની લિસ્ટમાં નાખી શકે છે જે એક સમયે રાજ્યમાં ખૂબ શક્તિશાળી હતી પરંતુ ધીમે-ધીમે નબળી પડતી ગઈ. ૨. આસામમાં બનાવી છે મજબૂત પકડ : આસામમાં હાલમાં હિમંત બિસ્વા શર્માના નેતૃત્વમાં ભાજપની સરકાર છે. ભાજપ ગઠબંધને ૨૦૨૧ની ચૂંટણીમાં ૭૫ બેઠકો જીતી હતી અને સતત ત્રીજી વાર સત્તામાં આવવાની તૈયારી કરી રહ્યું છે. સરમાએ છેલ્લા કેટલાક વર્ષોમાં ભાજપના ફાયરબ્રાન્ડ નેતાની સાથે-સાથે એક એવા લીડરની છબી બનાવી છે જે વિકાસ, સુરક્ષા અને ઓળખની રાજનીતિ પર ભાર મૂકે છે. બીજી તરફ વિપક્ષમાં કોંગ્રેસ ગૌરવ ગોગોઈના નેતૃત્વમાં પોતાની લડાઈ લડવા માટે તૈયાર છે. મુસ્લિમ મતોના દમ પર પોતાની શક્તિનું પ્રદર્શન કરનારી છૈંસ્ૈંસ્ જેવી પાર્ટીઓ પણ આગામી વિધાનસભા ચૂંટણીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ ચૂંટણીઓ ભાજપ માટે પૂર્વોત્તરમાં પોતાની પકડ મજબૂત કરવાની તક છે, જ્યારે બીજી તરફ કોંગ્રેસ અહીં સારું પ્રદર્શન કરવામાં સફળ રહેશે તો વિપક્ષ માટે મોટો બૂસ્ટ હશે.૩. તમિલનાડુમાં નવા ચહેરા સાથે થશે DMKની જંગ : તમિલનાડુમાં એમ.કે. સ્ટાલિનના નેતૃત્વમાં દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK)ની સરકાર છે, જેણે ૨૦૨૧માં ૨૩૪માંથી ૧૩૩ બેઠકો જીતી હતી. રાજ્યમાં લાગુ કરાયેલી કલ્યાણકારી યોજનાઓથી ૧૮.૯ મિલિયન લોકોને લાભ મળ્યો છે અને પાર્ટી લગભગ ૨.૫ કરોડ મત મેળવવાનું લક્ષ્ય રાખીને ચાલી રહી છે. જો કે, બેરોજગારી જેવા મુદ્દાઓ પાર્ટી પર ભારે પડી શકે છે અને એન્ટી-ઈક્મ્બન્સી ફેક્ટર તો છે જ. બીજી તરફ AIADMK-BJP ગઠબંધન પણ પોતાની સંપૂર્ણ તાકાત લગાવી રહ્યું છે, જ્યારે વિજયની ્‌ફદ્ભ નવી પાર્ટી તરીકે યુવાનોને આકર્ષિત કરી રહી છે. તમિલનાડુમાં વિજય ભાજપ માટે ઓર્ગેનિક ગ્રોથની એક મોટી તક હોઈ શકે છે, જ્યાં હિન્દુત્વની મર્યાદાઓ છે. જ્યારે વિપક્ષ માટે DMKની હાર INDIA બ્લોકને નબળી પાડશે.

૪. કેરળમાં ફરી કોંગ્રેસની આશા જાગી : કેરળમાં પિનારાઈ વિજયનના લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF)ની સરકાર છે, જેણે ૨૦૨૧માં ૯૯ બેઠકો જીતી હતી. આ ગઠબંધન ફરી એક વાર સત્તામાં વાપસી કરવા માગે છે, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓ તેમના માટે પડકારજનક રહ્યા છે. વિજયન સરકારે સામાજિક કલ્યાણ અને વિકાસ પર ભાર મૂક્યો છે, પરંતુ આર્થિક પડકારો અને મુખ્યમંત્રીની ઓટોક્રેટિક સ્ટાઈલ એક મોટો માઈનસ પોઈન્ટ છે. ૨૦૨૫ની સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં કોંગ્રેસ-UDFએ સારું પ્રદર્શન કર્યું, જે LDF માટે ચિંતાનું કારણ છે. ભાજપે પણ આ ચૂંટણીઓમાં સારું પ્રદર્શન કર્યું અને તેના અગાઉના પ્રદર્શનથી વધુ સારું કરવાના પ્રયાસમાં છે. એકંદરે આ ચૂંટણીમાં લેફ્ટ, કોંગ્રેસ અને ભાજપનું ઘણું બધુ દાવ પર લાગ્યું છે. ૫. NDA માટે પુડુચેરીમાં વાપસી સરળ નહીં રહેશે પુડુચેરીમાં એન. રંગાસામીના નેતૃત્વમાં ઓલ ઈન્ડિયા એન. આર. કોંગ્રેસ (AINRC) અને ભાજપનું ગઠબંધન સત્તામાં છે. ૨૦૨૧માં, AINRCએ ૩૦ બેઠકોવાળી વિધાનસભામાં ૧૦ અને ભાજપે ૬ બેઠકો જીતી હતી, પરંતુ હાલમાં ગઠબંધનમાં બધુ બરાબર નથી દેખાઈ રહ્યું. વિપક્ષમાં DMK અને કોંગ્રેસ જેવી પાર્ટીઓ આ નાના પરંતુ મહત્વપૂર્ણ કેન્દ્રશાસિત પ્રદેશની સત્તા પર પોતાનો દાવો મજબૂતીથી રજૂ કરી રહી છે. સ્થાનિક શાસન અને વિકાસ મુખ્ય મુદ્દાઓ છે, આવી સ્થિતિમાં આ ચૂંટણીને ભાજપ માટે દક્ષિણમાં ગઠબંધન બચાવવા માટેની એક કસોટી છે, જ્યાં એન્ટી-ઈક્મ્બન્સી છે. જો કોંગ્રેસ અને ડ્ઢસ્દ્ભ ફરીથી હારી જાય છે, તો તેમના માટે પુડુચેરીમાં તેમના ગઠબંધનને બચાવવું મુશ્કેલ બની શકે છે.

એકંદરે કહી શકાય કે, આ પાંચ રાજ્યોમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓ ભાજપ માટે દક્ષિણ અને પૂર્વમાં વિસ્તરણ કરવાની સુવર્ણ તક છે, જ્યાં તે હિન્દુત્વ અને મોદી બ્રાન્ડ પર દાવ લગાવી રહી છે. ૨૦૨૫માં દિલ્હી અને બિહારમાં મળેલા વિજયથી તેનું મનોબળ વધ્યું છે. વિપક્ષ માટે આ બાઉન્સ-બેકની કસોટી છે, અને લેફ્ટની હારથી I.N.D.I.A. બ્લોક નબળું પડી શકે છે, જ્યારે કોંગ્રેસનો વિજય તેને નવી ઉર્જા આપશે. એકંદરે ૨૦૨૬ના પરિણામો ૨૦૨૯ની લોકસભા ચૂંટણીની દિશા નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

### રાજકોટમાં વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૧-૧૨ જાન્યુઆરીએ ગુજરાતના પ્રવાસે

### જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ પણ હાજર રહેશે : અમદાવાદમાં પતંગ મહોત્સવ ઉદ્ઘાટન, વિકાસકામોની સમીક્ષા કરશે

નવી દિલ્હી, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તારીખ ૧૧ અને ૧૨ જાન્યુઆરીએ બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ રાજકોટ અને અમદાવાદમાં વિવિધ મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં હાજરી આપશે તેમજ વિકાસકામોની સમીક્ષા બેઠક પણ યોજશે. વડાપ્રધાનની મુલાકાતને લઈને રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ તેજ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટમાં તા. ૧૧ અને ૧૨ જાન્યુઆરી દરમિયાન યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે. આ કોન્ફરન્સમાં દેશ-વિદેશના ઉદ્યોગપતિઓ, નીતિનિર્માતાઓ અને રોકાણકારો ભાગ લેશે. વડાપ્રધાન રાજકોટ પહોંચશે ત્યારે શહેરમાં ભવ્ય રોડ-શો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવશે. રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા અને વ્યવસ્થાને લઈ પોલીસ તંત્રને એલર્ટ પર રાખવામાં આવ્યું છે. મંત્રીમંડળની તાજેતરમાં યોજાયેલી સાપ્તાહિક બેઠકમાં વડાપ્રધાનની મુલાકાત અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠક બાદ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજકોટમાં યોજાનારી રિજનલ વાયબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સમાં વડાપ્રધાન મોદી સાથે જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ પણ હાજરી આપશે. આથી કોન્ફરન્સને આંતરરાષ્ટ્રીય સ્તરે વિશેષ મહત્વ પ્રાપ્ત થયું છે.

વડાપ્રધાન પોતાના પ્રવાસના બીજા દિવસે અમદાવાદ પહોંચશે, જ્યાં તેઓ સાબરમતી રિવરફ્રન્ટ પર આયોજિત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ઉદ્ઘાટન કરશે. આ ઉપરાંત વડાપ્રધાન સાબરમતી આશ્રમની મુલાકાત લઈ ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. ઉત્તરાયણ પર્વના માહોલમાં વડાપ્રધાનની હાજરીને લઈને શહેરમાં ઉત્સાહનો માહોલ છે. સરકારના વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ, વડાપ્રધાન આ બે દિવસની મુલાકાત દરમિયાન અમદાવાદમાં રિવરફ્રન્ટ વિકાસ પ્રોજેક્ટ તેમજ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની પ્રગતિ અંગે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરશે. સાથે જ અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટના વિસ્તરણ માટે તૈયાર કરાયેલા ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) અંગે પણ ચર્ચા થવાની શક્યતા છે.બિનસત્તાવાર સૂત્રો મુજબ વડાપ્રધાન અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટની પૂર્ણાહુતિ પ્રસંગે મેટ્રો દ્વારા સફર કરે તેવી સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. જેમાં તેઓ સચિવાલયથી મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલમાં મુસાફરી કરી શકે છે. જો કે આ બાબતે હજી સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

વડાપ્રધાનની મુલાકાત દરમિયાન ગાંધીનગરમાં નવી નિમણૂક પામેલા મંત્રીઓ અને ભારતીય જનતા પાર્ટીના નવા હોદ્દેદારો સાથે અનૌપચારિક બેઠક અથવા રાત્રિભોજન કાર્યક્રમ યોજાય તેવી પણ ચર્ચાઓ ચાલી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાતનો સત્તાવાર કાર્યક્રમ હજી જાહેર કરવામાં આવ્યો નથી, પરંતુ ૧૧ અને ૧૨ જાન્યુઆરી દરમિયાન તેમનો રાજ્ય પ્રવાસ નિશ્ચિત હોવાનું સરકારી સૂત્રો દ્વારા જાણવા મળે છે. આગામી દિવસોમાં વડાપ્રધાનના સંપૂર્ણ કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

### GST રિફંડમાં ૩૧ ટકાનો જંગી વધારો જોવા મળ્યો

# ડિસેમ્બરમાં ૬.૧% વધીને રૂ.૧.૭૪ લાખ કરોડ રહ્યું જીએસટી કલેક્શન

### ડિસેમ્બર ૨૦૨૫ માં સ્થાનિક વ્યવહારોમાંથી કુલ આવક ૧.૨ ટકા વધીને રૂ.૧.૨૨ લાખ કરોડથી વધુ થઈ ગઈ

નવી દિલ્હી, તા.૧

ડિસેમ્બર ૨૦૨૫ માં ગ્રોસ GST કલેક્શન ૬.૧ ટકા વધીને રૂ.૧.૭૪ લાખ કરોડથી વધુ થઈ ગઈ છે. ગુરુવાર, ૧ જાન્યુઆરીના રોજ જાહેર કરાયેલા સરકારી આંકડા મુજબ, કર ઘટાડા પછી સ્થાનિક વેચાણ આવકમાં ધીમી વૃદ્ધિને કારણે GST વસૂલાતમાં મંદી આવી છે. ડિસેમ્બર ૨૦૨૪ માં કુલ GST વસૂલાત રૂ.૧.૬૪ લાખ કરોડથી વધુ હતી. સત્તાવાર માહિતી અનુસાર, ડિસેમ્બર ૨૦૨૫ માં સ્થાનિક વ્યવહારોમાંથી કુલ આવક ૧.૨ ટકા વધીને રૂ.૧.૨૨ લાખ કરોડથી વધુ થઈ ગઈ છે, જ્યારે આયાતી માલમાંથી આવક ૧૯.૭ ટકા વધીને રૂ.૫૧,૯૭૭ કરોડ થઈ છે. ડિસેમ્બરમાં GST રિફંડમાં ૩૧ ટકાનો જંગી વધારો જોવા મળ્યો હતો. કુલ GST રિફંડ રૂ.૨૮,૯૮૦ કરોડ રહ્યા જે પાછલા મહિના કરતા ૩૧ ટકા વધુ છે. (GST રિફંડ પછી) ચોખ્ખી GST આવક રૂ.૧.૪૫ લાખ કરોડથી વધુ હતી, જે ડિસેમ્બર ૨૦૨૪ ની સરખામણીમાં માત્ર ૨.૨ ટકાનો વધારો દર્શાવે છે. ગયા મહિને સેસ વસૂલાત ઘટીને રૂ.૪,૨૩૮ કરોડ થઈ ગઈ છે, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ.૧૨,૦૦૩ કરોડ હતી.ભારત સરકારે ગયા વર્ષે ૨૨ સપ્ટેમ્બરના રોજ GST દરમાં સુધારો લાગુ કર્યો હતો. નવી GST સિસ્ટમ હેઠળ, હવે ફક્ત બે સ્લેબ છેઃ ૫ ટકા અને ૧૮ ટકા, જ્યારે ૧૨ ટકા અને ૨૮ ટકા GST સ્લેબ દૂર કરવામાં આવ્યા છે. વધુમાં, ૪૦% GSTનો નવો ટેક્સ બ્રેકેટ રજૂ કરવામાં આવ્યો હતો, જે અતિ-લક્ઝરી વસ્તુઓ અથવા વસ્તુઓ પર લાદવામાં આવે છે. આ સુધારા હેઠળ, અગાઉ GST હેઠળ આવરી લેવામાં આવતી લગભગ ૩૭૫ વસ્તુઓ પર GST દર ઘટાડવામાં આવ્યા હતા.આ સરકારના નિર્ણયથી રોજિંદા જીવનમાં વપરાતી વસ્તુઓના સામાન સાથે સાથે આવશ્યક વસ્તુઓના ભાવમાં ઘટાડો થયો છે. આ સિવાય પહેલાની જેમ હવે વૈભવી અને હાનિકારક વસ્તુઓ પર ઉપકર વસૂલવામાં આવતો નથી. હવે ફક્ત તમાકુ અને સંબંધિત ઉત્પાદનો પર જ ક્ષતિપૂર્ણ ઉપકર વસૂલવામાં આવે છે. GST દરમાં ઘટાડાથી સરકારી મહેસૂલ વસૂલાત પર અસર પડી છે.

### ઠેર ઠેર હિંસા, સરકારી ઈમારતોમાં તોડફોડના પ્રયાસ

# નેપાળ, બાંગ્લાદેશ બાદ હવે ઈરાનમાં "જન આંદોલન"!

### ઈરાનમાં આ આંદોલનનો સતત ચોથો દિવસ છે અને તે ધીમે-ધીમે વધુ ઉગ્ર બની રહ્યું છે

ઈરાન, તા.૧

ઈરાનમાં આર્થિક કટોકટી વકરતા લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો છે અને દેશના અનેક વિસ્તારોમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો શરૂ થયા છે. ઈરાનમાં આ આંદોલનનો આજે સતત ચોથો દિવસ છે અને તે ધીમે-ધીમે વધુ ઉગ્ર બની રહ્યું છે. પ્રદર્શનકારીઓએ અનેક રસ્તાઓ જામ કરી દીધા છે, તો બીજી તરફ રાજધાની તેહરાન તેમજ ઈસ્ફહાન, હમાદાન અને બાબેલ જેવા અનેક શહેરોમાં હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે અને સુપ્રીમ લીડર અલી ખમેનેઈ વિરુદ્ધ 'તાનાશાહ મુર્દાબાદ'ના નારા લગાવી રહ્યા છે. આ પ્રદર્શનકારીઓ હવે માત્ર સુધારા નહીં, પરંતુ ઈરાનમાં સંપૂર્ણ સત્તા પરિવર્તનની માંગ કરી રહ્યા છે, જે ૨૦૨૨ના મહસા અમીની આંદોલન પછીનો સૌથી મોટો વિદ્રોહ માનવામાં આવે છે.આ આંદોલન પાછળનું મુખ્ય કારણ ઈરાનનું કથળતું અર્થતંત્ર અને મોંઘવારી છે. ઈરાનમાં મોંઘવારીનો દર ૪૨ ટકા સુધી પહોંચી ગયો છે અને સ્થાનિક ચલણ 'રિયાલ' ડોલર સામે ઐતિહાસિક નીચલી સપાટીએ ગગડી ગયું છે. ૨૮ ડિસેમ્બરે તેહરાનના ગ્રાન્ડ બજારમાં દુકાનદારોની હડતાળથી શરૂ થયેલો આ વિરોધ હવે સામાન્ય જનતાના આક્રોશમાં ફેરવાઈ ગયો છે. લોકો પૂર્વ શાસક રઝા શાહ પહેલવીના સમર્થનમાં પણ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે, જે વર્તમાન શાસન પ્રત્યેની તેમની ભયંકર નારાજગી દર્શાવે છે. ઈરાનમાં ચાલી રહેલા આ આંદોલનમાં પ્રદર્શનકારીઓનો જુસ્સો અને આક્રોશ સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. ઈસ્ફહાન જેવા મોટા શહેરોમાં લોકોએ 'ડરો નહીં, આપણે બધા સાથે છીએ' અને 'તાનાશાહ મુર્દાબાદ' જેવા નારા લગાવી આખા દેશને ગજવી દીધો છે. આ આંદોલનમાં એક નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે અનેક શહેરોમાં લોકો નિર્વાસિત રાજકુમાર રઝા પહેલવી અને પૂર્વ શાસક રઝા શાહ પહેલવીના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા, જે વર્તમાન શાસન સામેની તેમની નારાજગી દર્શાવે છે. બીજી તરફ, તેહરાન યુનિવર્સિટીની લોકપ્રિય સ્ટુડન્ટ લીડર સરીરા કરીમીની ધરપકડ બાદ વિદ્યાર્થીઓમાં રોષ છે. સુરક્ષા દળોએ હમાદાન અને નાહવંદ જેવા શહેરોમાં દેખાવકારોને વિખેરવા માટે ટીયર ગેસના સેલ છોડ્યા અને ગોળીબાર કર્યો હોવા છતાં, જનતા મક્કમતાથી રસ્તાઓ પર ડટેલી છે અને પીછેહઠ કરવા તૈયાર નથી.

આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઈરાનના આ આંદોલનને ટેકો મળી રહ્યો છે. અમેરિકન સીનેટર રિક સ્કોટ સહિત પશ્ચિમી રાજનેતાઓએ ઈરાની જનતાના આ સાહસને બિરદાવ્યું છે અને તેમને સરમુખત્યારશાહી સામે લડત ચાલુ રાખવા પ્રોત્સાહન આપ્યું છે. ઈરાનમાં ચાલી રહેલી આ અશાંતિ આવનારા દિવસોમાં પશ્ચિમ એશિયાના રાજકારણમાં મોટો વળાંક લાવી શકે તેમ છે.

### ૧૦ના મોત પર ભાજપના મંત્રીનું બેજવાબદાર નિવેદન

# સવાલ પર મંત્રી ભડકી ગયા અને બોલ્યા, "અરે છોડો યાર, ફાલતુ સવાલો ન પૂછો

### આ ઘટનાને લઈને સવાલ પૂછવા પર રાજ્યના કેબિનેટ મંત્રી કૈલાશ વિજયવર્ગીય મીડિયા પર ગુસ્સે ભરાયા હતા

ઈન્દોર, તા.૧

મધ્ય પ્રદેશના ઈન્દોર શહેરમાં દૂષિત પાણીના સપ્લાયને કારણે થયેલી ભયાનક દુર્ઘટના બાદ રાજકીય ગરમાવો વધી ગયો છે. આ ઘટનાને લઈને સવાલ પૂછવા પર રાજયના કેબિનેટ મંત્રી કૈલાશ વિજયવર્ગીય મીડિયા પર ગુસ્સે ભરાયા હતા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ તેમણે માફી માંગી હતી.દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખાતા ઈન્દોરના ભાગીરથપુરા વિસ્તારમાં પાઈપલાઈન લીકેજ થવાને કારણે ગટરનું પાણી પીવાના પાણીની લાઈનમાં ભળી ગયું હતું. આ દૂષિત પાણી પીવાથી વિસ્તારમાં ઉલટી-ઝાડાનો રોગચાળો ફેલાઈ ગયો હતો. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત થયા છે, જ્યારે ૨૦૦૦થી વધુ લોકો તેનાથી પ્રભાવિત થયા છે, જેમાંથી સેંકડો લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લેતા મુખ્યમંત્રી ડો. મોહન યાદવે એક તપાસ સમિતિની રચના કરી છે. તેમણે ત્રણ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે અને એકને સેવામાંથી બરતરફ કરી દીધા છે. સરકાર પ્રભાવિતોના સારવારનો ખર્ચ ઉઠાવી રહી છે અને ટેક્રો દ્વારા શુદ્ધ પાણીની વ્યવસ્થા કરી રહી છે.બુધવારે એમજીએમ મેડિકલ કોલેજમાં મુખ્યમંત્રીની બેઠક બાદ, કેબિનેટ મંત્રી કૈલાશ વિજયવર્ગીય (જેમનો વિધાનસભા ક્ષેત્ર ઈન્દોર-૧ ભાગીરથપુરામાં આવે છે) બહાર નીકળ્યા હતા. તે સમયે એક પત્રકારે તેમને સવાલ પૂછ્યો કે ખાનગી હોસ્પિટલોમાં દાખલ દર્દીઓને હજુ સુધી રિફંડ કેમ નથી મળ્યું અને પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા કેમ નથી થઈ? આ સવાલ પર મંત્રી ભડકી ગયા અને બોલ્યા, "અરે છોડો યાર, ફાલતુ સવાલો ન પૂછો." જ્યારે પત્રકારે ફરીથી આગ્રહ કર્યો, ત્યારે તેમણે કથિત રીતે અપશબ્દોનો ઉપયોગ કર્યો અને ત્યાંથી ચાલ્યા ગયા. આ દરમિયાન, એક સ્થાનિક કોર્પોરેટર (કમલ વાઘેલા)એ પણ પત્રકાર સાથે ઉગ્ર દલીલ કરી હતી.આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ ગયો. વિવાદ વધતા, મોડી રાત્રે મંત્રી કૈલાશ વિજયવર્ગીયએ ઠ (ટ્વિટર) પર એક પોસ્ટ કરીને માફી માંગી. તેમણે લખ્યું: "હું અને મારી ટીમ છેલ્લા બે દિવસથી ઊંઘ્યા વગર પ્રભાવિત વિસ્તારમાં સતત પરિસ્થિતિ સુધારવામાં લાગેલા છીએ. દૂષિત પાણીથી મારા લોકો પીડિત છે અને કેટલાક આપણને છોડીને ચાલ્યા ગયા છે, આ ઊંડા દુઃખની સ્થિતિમાં મીડિયાના એક સવાલ પર મારા શબ્દો ખોટા નીકળી ગયા. તે માટે હું ખેદ વ્યક્ત કરું છું. પરંતુ જ્યાં સુધી મારા લોકો સંપૂર્ણપણે સુરક્ષિત અને સ્વસ્થ નહીં થઈ જાય, ત્યાં સુધી હું શાંત નહીં બેસીશ." કોંગ્રેસે મંત્રીના આ નિવેદન પર આકરા પ્રહાર કર્યા છે. પાર્ટીએ આને "સત્તાના અહંકારનું પ્રતિક" ગણાવ્યું અને માંગ કરી કે મંત્રી જાહેરમાં માફી માંગે. વિપક્ષનું કહેવું છે કે સ્વચ્છતાના દાવાઓ છતાં આવી બેદરકારી વહીવટીતંત્રની નિષ્ફળતા દર્શાવે છે. બીજી તરફ, વહીવટીતંત્રનો દાવો છે કે પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે અને તપાસ બાદ દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

### સ્લીપર ટ્રેન ગુવાહાટીથી કોલકાતા સુધી દોડશે

# દેશની પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેનની જાહેરાત

### ટૂંકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘાટનની સંભાવના

નવી દિલ્હી, તા.૧

નવા વર્ષના પહેલા જ દિવસે મોદી સરકારે દેશવાસીઓને મોટી ભેટ આપી છે. રેલ મંત્રાલયે દેશની પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેનના રૂટની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. દેશની પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેન ગુવાહાટીથી કોલકાતા સુધી દોડશે. આ ટ્રેનનું ટૂંક સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘાટન થવાની સંભાવના છે.

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે, આ વંદે ભારત સ્લીપર ટ્રેન પૂર્વ ભારત માટે ગેમચેન્જર સાબિત થશે. આ ટ્રેન પશ્ચિમ બંગાળ અને આસામના અનેક મહત્વના શહેરોને જોડશે. તાજેતરમાં જ સ્વદેશી ટેકનોલોજીથી બનેલી આ ટ્રેનનો કોટા–નાગદા સેક્શન પર ૧૮૦ કિમી પ્રતિ કલાકની ગતિ સાથે સફળ હાઈ-સ્પીડ ટ્રાયલ પૂર્ણ થયો છે, જે રેલવે સુરક્ષા કમિશનરની દેખરેખ હેઠળ યોજાયો હતો. રેલ મંત્રીએ વધુમાં જણાવ્યું કે, આગામી ૬ મહિનામાં ૮ વંદે ભારત સ્લીપર ટ્રેનો પાટા પર દોડતી જોવા મળશે, જ્યારે વર્ષના અંત સુધીમાં ૧૨ ટ્રેનો શરૂ કરવાની યોજના છે. તેમણે જણાવ્યું કે, આસામથી નીકળતી ટ્રેનમાં સ્થાનિક ભોજન મળશે, જ્યારે કોલકાતાથી નીકળતી ટ્રેનમાં બંગાળી ભોજન મળશે. ચાલો જાણીએ દેશની પહેલી વંદેભારત સ્લીપર ટ્રેનનો રૂટ અને ભાડું શું હશે. દેશની પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેન કોલકાતા-ગુવાહાટી રૂટ પર દોડશે. આ ટ્રેન આખા બંગાળ અને આસામને કવર કરશે. ટ્રેનમાં કુલ ૧૬ કોચ હશે, જેમાં ૧૧ થર્ડ એસી કોચ, ૪ સેકન્ડ એસી કોચ અને ૧ ફર્સ્ટ એસી કોચ હશે. આ ટ્રેનમાં કુલ ૮૨૩ મુસાફરો એક સાથે આરામથી મુસાફરી કરી શકશે.આધુનિક સુવિધાઓથી સજ્જ સ્લીપર ટ્રેન - વંદે ભારત સ્લીપર ટ્રેનને ખાસ કરીને લાંબા અંતરના આરામદાયક પ્રવાસ માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ એક સેમી હાઈ-સ્પીડ ટ્રેન છે, જેની ડિઝાઈન સ્પીડ ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાક છે. આમાં મુસાફરો માટે આરામદાયક અને મુલાયમ બર્થ લગાવવામાં આવ્યા છે. કોચની વચ્ચે આવવા-જવા માટે ઓટોમેટિક દરવાજા અને વેસ્ટિબ્યુલની સુવિધા છે. સારા સસ્પેન્શન અને ઓછા અવાજને કારણે ટ્રેનમાં મુસાફરી વધારે શાંત અને આરામદાયક હશે.ટ્રેનમાં કવચ સુરક્ષા સિસ્ટમ અને ઈમરજન્સી ટોક-બેક સુવિધા છે. જેનાથી સુરક્ષા ઘણી વધી જાય છે. આ ઉપરાંત આ ટ્રેનમાં સાફ-સફાઈ માટે ડિસઈન્ફેક્ટન્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. લોકો પાયલટ માટે આધુનિક કંટ્રોલ અને સેફ્ટી સિસ્ટમવાળું એડવાન્સ ડ્રાઈવર કેબિન બનાવવા આવ્યું છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર જાન્યુઆરીમાં જ વંદે ભારત સ્લીપર ટ્રેનનું ઉદ્ઘાટન થવાની સંભાવના છે. આગામી ૧૫થી ૨૦ દિવસમાં, એટલે કે ૧૭ અથવા ૧૮ જાન્યુઆરીએ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટ્રેનને લીલી ઝંડી બતાવી શકે છે. વંદે ભારત સ્લીપર ટ્રેનનું ભાડું સામાન્ય સ્લીપર ટ્રેનો કરતા વધુ હશે, પરંતુ સુવિધાઓને જોતા યોગ્ય ગણાય છે. (થર્ડ એસીઃ રૂ.૨૩૦૦, સેકન્ડ એસીઃ રૂ.૩૦૦૦, ફર્સ્ટ એસીઃ રૂ.૩૬૦૦ હશે)

### ઝેલેન્સ્કીએ કહ્યું- આત્મસમર્પણ નહીં કરું

# વર્ષ ૨૦૨૬ની શરુઆતમાં જ રશિયા-યુક્રેન વચ્ચે તણાવ વધ્યો!

કિવ, તા.૧

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ચાર વર્ષથી સૈન્ય સંઘર્ષ ચાલી રહ્યો છે. આ સંઘર્ષ સમાપ્ત કરવા વિશ્વના અનેક દેશો પ્રયાસ કરી ચૂક્યા છે. હાલના દિવસોમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મધ્યસ્થી કરી રહ્યા છે. એવામાં વર્ષ ૨૦૨૬માં આ સંઘર્ષ સમાપ્ત થશે કે નહીં તેને લઈને વિશ્વની નજર શાંતિ કરાર પર છે. એવામાં રશિયા અને યુક્રેનના પ્રમુખે વર્ષના પહેલા જ દિવસે મોટું નિવેદન આપ્યું છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને કહ્યું કે યુક્રેન સામે રશિયાનો જ વિજય થશે. તેમણે પોતાના સંબોધનમાં રશિયાના સૈનિકોને અસલી હીરો બનાવ્યા અને દેશને વિશ્વાસ અપાવ્યો કે વિજય રશિયાનો જ થશે. નોંધનીય છે કે તેમણે પોતાના સંબોધનમાં યુક્રેનના ડ્રોન એટેક મુદ્દે કોઈ ઉલ્લેખ કર્યો નહોતો. બીજી તરફ યુક્રેનના પ્રમુખ વૉલોદિમીર ઝેલેન્સ્કીએ નવા વર્ષની પૂર્વ સંધ્યાએ દેશને સંબોધિત કરતાં કહ્યું કે અમે યુદ્ધ સમાપ્ત કરવા માંગીએ છીએ પણ કોઈ પણ ભોગે નબળો શાંતિ કરાર સ્વીકારીશું નહીં. અમે એવો કોઈ જ કરાર નહીં કરીએ જેનાથી દેશનું ભવિષ્ય ખતરામાં પડે. અમે યુદ્ધનો અંત કરવા માંગીએ છીએ, યુક્રેનનો નહીં. જો કોઈ એવું વિચારતું હોય કે યુક્રેન આત્મસમર્પણ કરી દેશે, તો તે ભ્રમમાં છે. હું માત્ર મજબૂત કરાર પર જ હસ્તાક્ષર કરીશ. નોંધનીય છે કે યુક્રેનની મીડિયાનો દાવો છે કે યુક્રેનના ૧૯ ટકા વિસ્તાર પર હવે રશિયાનો કબજો છે.

### મોદીથી લઈને અખિલેશ સુધી નવા વર્ષની શુભેચ્છા આપી

# નવા વર્ષની સવાર દેશ માટે નવી આશાઓ લઈને આવી

### કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દેશવાસીઓને શુભકામનાઓ પાઠવતા લખ્યું, તમને સૌને નવવર્ષની હાર્દિક શુભેચ્છાઓ

નવી દિલ્હી, તા.૧

નવા વર્ષની સવાર દેશ માટે નવી આશાઓ લઈને આવી છે. આ અવસરે ભારતના ટોચના રાજકીય નેતાઓએ સોશિયલ મીડિયા પર સંદેશા પાઠવીને ૨૦૨૬ને યાદગાર બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

પીએમ મોદીએ X પર પોસ્ટ કરીને દરેક નાગરિકના ઉત્તમ સ્વાસ્થ્યની પ્રાર્થના કરી હતી. તેમણે લખ્યું, તમને સૌને ૨૦૨૬ની હાર્દિક શુભેચ્છાઓ! આગામી વર્ષ તમારા માટે સારી તબિયત અને સમૃદ્ધિ લઈને આવે. તમારા દરેક પ્રયાસોમાં સફળતા મળે અને તમામ કાર્યો પૂર્ણ થાય તેવી અભ્યર્થના. આપણા સમાજમાં શાંતિ અને સુખ જળવાઈ રહે તેવી પ્રાર્થના.


લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ દેશવાસીઓને શુભકામનાઓ પાઠવતા લખ્યું, તમને સૌને નવવર્ષની હાર્દિક શુભેચ્છાઓ. નવું વર્ષ તમારા જીવનમાં અઢળક ખુશીઓ, સારું સ્વાસ્થ્ય અને સફળતાઓ લઈને આવે. Wishing everyone a very Happy New Year 2026!

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે શાયરાના અંદાજમાં નવા સંકલ્પ પર ભાર મૂક્યો હતો. તેમણે લખ્યું, નવા વર્ષની નવી સવાર, આશાઓનો નવો ડેરો, ચાલો નવા રણ(મેદાન) માટે નવા પ્રણ લઈએ. નવો સંકલ્પ જ નવું ભવિષ્ય લાવે છે. આપણે બદલાઈશું તો બધું જ બદલાશે! નવ વર્ષની હાર્દિક શુભેચ્છાઓ!

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે ભારતના ગૌરવ અને સુરક્ષાને સુદ્રઢ કરવાનો સંદેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું કે ૨૦૨૬નું વર્ષ ભારતની સામુહિક શક્તિને વધુ મજબૂત બનાવશે. તેમણે આશા વ્યક્ત કરી કે નવા વર્ષમાં આપણે આત્મનિર્ભરતા અને એકતાની ભાવના સાથે રાષ્ટ્ર નિર્માણના કાર્યોમાં જોતરાઈશું.

કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ પણ દરેક ભારતીય પરિવાર માટે સુખ અને ઉત્તમ સ્વાસ્થ્યની મંગલકામના કરી હતી. તેમણે આ વર્ષને વિકાસ અને સકારાત્મકતાનું વર્ષ ગણાવ્યું હતું.

# લીલીયા : મોટા રામજી મંદિરના શતાબ્દી મહોત્સવમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા



વડવાળા હનુમાનજી મંદિર ખાતેથી જુવારા યાત્રા, જળ યાત્રા, ધ્વજા યાત્રાનો પ્રારંભ શહેરના વિવિધ માર્ગો પર યાત્રા ફરી ગ્રામજનો ડીજેના તાલે ઝૂમ્યા રામ ભકતોમાં અનેરો ઉત્સાહ લીલીયાના સ્વ મોહનલાલ ગોપાલજી દવેએ ૧૦૦ વર્ષ પૂર્વે રામજી મંદિરનું નિર્માણ કરેલ તેના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા રામ સેવા સમિતિ, રામજી મંદિર સમિતિ અને ગ્રામજનોના સંયુકત ઉપક્રમે તારીખ ૧ જાન્યુઆરી થી ૩ જાન્યુઆરી ત્રિદિવસીય રામજી મંદિર શતાબ્દી મહોત્સવનું ભવ્યાતિ ભવ્ય આયોજન કરેલ આજ રોજ તારીખ ૧/૧/૨૦૨૬ના રોજ સવારના ૮:૩૦ કલાકે વડવાળા હનુમાનજી મંદિર ખાતેથી સૌ પ્રથમ સ્વ મોહનલાલ ગોપાલજી દવે માર્ગની તકિતનું અનાવરણ કરવામાં આવેલ ત્યારબાદ રામ ભગવાનની પ્રતિમાનું પૂજન કરવામાં આવેલ ત્યારબાદ ભવયાતી ભવ્ય જુવારા યાત્રા, જળ યાત્રા અને ધ્વજયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવેલ આ યાત્રા શહેરના વિવિધ માર્ગો પર ફરી રામજી મંદિર ખાતે પહોંચી હતી જયાં મોટી સંખ્યામાં ઉપસ્થિત બહેનોએ ભગવાન રામના ચરણોમાં જુવારા ધરાવી ધન્યતા અનુભવી હતી આવી જ રીતે મંદિર ધ્વજાના યજમાન વિભાભાઈ ભરવાડ એ ધજા અર્પણ કરી હતી. ત્યારબાદ ભાનુદાદા દવે, મિતુલદાદા દવે શાસ્ત્રી એ વિધિ વિધાન સાથે પંચકુંડી વિષ્ણુયાગ પરીનો પ્રારંભ કરાવેલ પરીના મુખ્ય યજમાન તરીકે કૌશિકભાઈ પંડ્યાનો પરિવાર જોડાયો હતો આ તકે સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ખાસ ઉપસ્થિત રહી ભગવાન શ્રી રામના શરણોમાં શીશ ઝૂકાવ્યું હતું જુવારાયાત્રા, જલયાત્રા, ધ્વજાયાત્રા સહિતના ધર્મ ઉત્સવમાં શહેરીજનો સહિત આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા શતાબ્દી મહોત્સવ સમિતિ દ્વારા પશુઓ માટે ઘાસચારો ાન માટે લાડવા પક્ષીઓ માટે ચણ અને કીડીઓ માટે કીડિયારાની વ્યવસ્થા કરેલ છે સાથે સાથે શહેરના જાહેર માર્ગો પર ગેઈટ રોશનીથી શણગારવામાં આવેલ અને ગ્રામજનોએ ઘરે ઘરે રંગોળી અને દીવડાવો પ્રગટાવી દિવાળી જેવો માહોલ ઉભો કર્યો છે આ તકે સમુહ રાસ ઉત્સવમાં મોટી સંખ્યામાં રામ ભકતો જોડાઈ અને રાસ ગરબાની રમઝટ પણ બોલાવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## બાબરાની જ્ઞાનજયોત ડિજિટલ સ્કૂલમાં નવા વર્ષની સ્વચ્છતા સંદેશ સાથે અનોખી ઉજવણી કરાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૧

બાબરામાં આવેલી જ્ઞાનજયોત ડિજિટલ સ્કૂલ હંમેશા નવીન પ્રવૃતિઓ દ્વારા ગુણવતાયુકત શિક્ષણ અને સંસ્કાર પ્રદાન કરવા માટે જાણીતી છે. નવા વર્ષની શુભ શરૂઆતના અવસરે શાળાએ બાળ કોનાં સર્વાંગી વિકાસ અને સામાજિક જવાબદારીના ઉદેશ સાથે સ્વચ્છતા અભિયાનનું આયોજન કર્યુ હતું.

વર્ષનાં પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવા રામનગર તથા આસપાસના વિસ્તારોમં રેલી કાઢવામાં આવી હતી. બાળકો દ્વારા સૂત્રોચ્ચાર અને વિવિધ સ્વચ્છતા સંબંધિત સ્લોગન દ્વારા લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવામાં અવી.

આ કાર્યક્રમમાં બાબરા શહેર ભાજપ મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, બાબરા શહેર ભાજપ મહામંત્રી રમેશભાઈ સાંગડીયા, પ્રજાપતિ સમાજના અગ્રણી મનસુખભાઈ શકોરીયા તમેજ વેપારી અગ્રણી કિશોરભાઈ જેઠવા ઉપસ્થિત રહી બાળકોને પ્રેરણા આપી હતી. આ સાથે બાબરા નગરપાલિકાના સહયોગથી આસપાસના વિસ્તારોમાં કચરાપેટીનું વિતરણ પણ કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાનાં સ્ટાફ દ્વારા પ્રશંસનીય જહેમત ઉઠાવવામાં આવી.

### શાળા પરિવારનાં સુંદર આયોજન વચ્ચે

## બગસરા ખાતે મેઘાણી હાઈસ્કુલમાં વીર બાલ દિવસની ઉજવણી કરાઈ

### જુદા-જુદા વિષયો ઉપર ચિત્ર, નિબંધ રજુ કરાયા



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧

ઝવેરચંદ મેઘાણી હાઈસ્કુલ ખાતેવીરબાલદિવસની ઉજવણી કરવામાં આવી. ૧. રાષ્ટ્ર નિર્માણમાં બાળકોની ભૂમિકા, ૨.વિકસિત ભારત માટેનું મારૂ વિઝન, ૩. વિકસિત ભારતના આકારમાં બાળકોની ભૂમિકા, ૪. ડિજિટલ ઈન્ડિયા–યુવાનો માટે તક, ૫. સ્વચ્છ ભારત–સ્વસ્થ ભારત, ૬.બેટી બચાવો બેટી પઢાઓ–દરેક છોકરીને સશકત બનાવવી, ૭. વોકલ ફોર લોકલ–ભારતની પરંપરાગત હસ્તકલાની ઉજવણી, સહિતનાં વિષયો સાથે બાળકો દ્વારા ચિત્ર, નિબંધ અને વંકતવ્ય રજુ કરાયું.

શાળાના NCC (Army) ,NCC(Neval), Scouting જેવી વિવિધ પ્રવૃતિઓ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સમગ્ર ઉજવણીમાં શાળાના શિક્ષક એ.જે.ખાચર, દીપાબેન ગોહિલ, બી.બી. ગેવરિયા દ્વારા ખુબ સુંદર આયોજન કરવામાં આવેલ. મનોજભાઈ મહિડાએ વકતવ્ય આપેલ સુંદર આયોજન બદલ આચાર્ય વી.કે. જેઠવાએ શિક્ષક અને ભાગલેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## સાવરકુંડલાના મોક્ષધામમાં ચાલી રહેલા વિકાસ કાર્યોનું ધારાસભ્ય કસવાલાએ કર્યુ નિરીક્ષણ



અમરેલી, તા. ૧

સાવરકુંડલા શહેરના સાવર વિભાગ સ્થિત મોક્ષધામ ખાતે નગરપાલિકા દ્વારા ચાલી રહેલા સુવિધા વિકાસ તથા નવીનીકરણ કાર્યોનું આજે ધારાસભ્ય મહેશ કસવાલાએ સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યુ હતું. આ દરમિયાન તેમણે કામગીરીની પ્રગતિ અંગે નગરપાલિકાના અધિકારીઓ પાસેથી માહિતી મેળવી અને જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા.

ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું કે મોક્ષધામ જેવી સંવેદનશીલ અને જરૂરી સુવિધામાં સ્વચ્છતા, સુવ્યવસ્થા અને માનવીય સંવેદનાને કેન્દ્રમાં રાખીને વિકાસ કરવો અત્યંત જરૂરી છે. અહીં આવતા નાગરિકોને કોઈ પ્રકારની અસુવિધા ન થાય તે રીતે તમામ કામગીરી ગુણવત્તાસભર અને સમયમર્યાદામાં પૂર્ણ થવી જોઈએ તેમ તેમણે સ્પષ્ટ કર્યુ.

નિરીક્ષણ દરમિયાન પાણીની સુવિધા, રસ્તા, પ્રકાશ વ્યવસ્થા, છાંયડો, બેઠકો તેમજ અન્ય આવશ્યક સુવિધાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી. ધારાસભ્યએ અધિકારીઓને સૂચના આપી કે વિકાસ કાર્યોમાં ટકાઉપણું અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવે.

આ અવસરે નગરપાલિકાના પદાધિકારીઓ, કર્મચારીઓ તથા સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક નાગરિકોએ મોક્ષધામના વિકાસ માટે થઈ રહેલા પ્રયાસોને આવકાર આપ્યો હતો અને આ કામગીરી પૂર્ણ થયા બાદ સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે તેવી આશા વ્યકત કરી હતી.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં વરદહસ્તે

## બાબાપુર ગામે રૂપિયા ૩૦ લાખનાં ખર્ચે તૈયાર થયેલ પેટા આરોગ્ય કેન્દ્રનું થયુ લોકાર્પણ

### સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

અમરેલી, તા. ૧

અમરેલીના બાબાપુર ગામ ખાતે અંદાજિત રૂ. ૩૦ લાખના ખર્ચે નિર્મિત આધુનિક પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ લોકાર્પણ કાર્યક્રમમાં રાજયના કેબિનેટ મંત્રી કૌશિક વેકારીયા ઉપસ્થિત રહ્યા હતા. નવા આરોગ્ય કેન્દ્રના શરૂ થવાથી બાબાપુર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને હવે પોતાના ગામમાં જ મૂળ ભૂત તેમજ સમયસર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ બનશે.તેઓએ જણાવ્યું કે રાજય સરકારનુંપ્રયેય ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્ય સેવાઓને વધુ મજબૂત બનાવવાનું છે. આ પેટા આરોગ્ય કેન્દ્ર દ્વારા માતા–બાળ આરોગ્ય સેવાઓ, નિયમિત આરોગ્ય તપાસ, રસીકરણ, પ્રાથમિક સારવાર તથાતાત્કાલિક માર્ગદર્શન જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગ્રામજનોને હવે નાની–મોટી સારવાર માટે દૂર શહેર સુધી જવું નહીં પડે, જેના કારણે સમય અને ખર્ચ બંનેમાં બચત થશે.આ કેન્દ્ર આધુનિક સુવિધાઓથી સજ્જ છે અને આરોગ્ય કર્મચારીઓ દ્વારા નિયમિત સેવાઓ આપવામાં આવશે. લોકાર્પણ પ્રસંગે સ્થાનિક આગેવાનો, આરોગ્ય વિભાગના અધિકારીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સરકારના આ આરોગ્યલક્ષી પગલાંને આવકાર આપ્યો હતો અને ગ્રામ્ય આરોગ્ય સેવાઓ માટે મહત્વપૂર્ણ ગણાવ્યું હતું.

## કમોસમી વરસાદની આગાહી અંતર્ગત ખેડૂતોને જરૂરી તકેદારી રાખવા અનુરોધ

અમરેલી, તા. ૧

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાત રાજયના કચ્છ, બનાસકાંઠા, પાટણ, જામનગર, મોરબી તથા દેવભૂમિ દ્વારકા સહિતના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મપ્રયમ વરસાદ થવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે. આ સંજોગોમાં વાદળછાયું વાતાવરણ તથા સંભવિત વરસાદને કારણે પાકને નુકસાન થવાની શકયતા હોવાથી રાજયના ખેડૂત મિત્રોને પાક સંરક્ષણ માટે આગોતરી તકેદારી રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. ખેતરમાં કાપણી કરેલ અથવા ખુલ્લામાં રહેલ ખેત ઉત્પાદનને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા અથવા પ્લાસ્ટિક કે તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવા તેમજ ઢગલાની આસપાસ માટીનાં પાળા બનાવી વરસાદી પાણી ઢગલાની નીચે ન જાય તે રીતે વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

આ સમયગાળા દરમિયાન જંતુનાશક દવાઓ તથા ખાતરનો ઉપયોગ ટાળવા તેમજ ખાતર અને બિયારણનો જથ્થો પલળી ન જાય તે રીતે સુરક્ષિત સ્થળે સંગ્રહિત રાખવા અનુરોધ કરવામાં આવે છે. સાથે જ એ.પી.એમ.સી.માં વેપારી તથા ખેડૂત મિત્રોએ આગોતરા સાવચેતી રાખી અનાજ અને ખેત પેદાશોને ઢાંકીને અથવા શેડ હેઠળ સુરક્ષિત રાખવા જણાવાયું છે. સંભવ હોય ત્યાં સુધી આ દિવસોમાં એ.પી.એમ.સી.માં વેચાણ અર્થે પેદાશ લાવવાનું ટાળવા અથવા સંપૂર્ણ સુરક્ષા સાથે લાવવાની સૂચના આપવામાં આવે છે.આ અંગે વધુ માહિતી માટે આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (તાલીમ), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (કે.વી.કે.) અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧ પર સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.


# અમરેલી અને ભાવનગર જિલ્લાની પાલિકા અને મહાનગરપાલિકાનાં પા.પુ. અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો






મ્યુનિસિપલ કમિશનર ડો. એન.કે. મીણા અને પ્રાદેશિક કમિશ્નર, નગરપાલિકાઓ ધવલ પંડ્યાના માર્ગદર્શન હેઠળ ભાવનગર મહાનગરપાલિકા અને પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ કચેરીના સંયુકત ઉપક્રમે ભાવનગર અને અમરેલી જિલ્લાની ૧૬ નગરપાલિકાઓ તથા ભાવનગર મહાનગરપાલિકા માટે પાણી પુરવઠા અંગેની તાલીમનું આયોજન કરવામાં આવ્યું જેમાં નગરપાલિકાઓના ચીફ ઓફિસર, મ્યુનિસિપલ ઈજનેર, ઈજનેર(એ.એચ.એમ.), સ્વચ્છ ભારત મિશન (અર્બન)ના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના મેનેજર તેમજ ભાવનગર મહાનગરપાલિકાના વિવિધ શાખાઓના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ ભાગ લીધો હતો. ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ જાહેર કર્યુ છે, રાજય સ્તરે તમામ વિભાગોના વડાઓ, તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓના ઝોન હેઠળ ની તમામ નગરપાલિકાઓમાં ઈવેન્ટ અને એક્ટીવીટી માટે શહેરી વિકાસ વર્ષની ઉજવણીનું કેલેન્ડર તૈયાર કરવામાં આવ્યું છે. જે અન્વયે ''એમ્પાવરીંગ મ્યુનિસિપલ સ્ટાફ, સ્ટ્રેન્ઘનિંગ અર્બન ફ્યુચર્સ'' તથા ' 'ટ્રેઈનિંગ ટુડે ફોર સ્માર્ટર સીટીઝ ટુમોરો''ની ટેગ લાઈન હેઠળ પ્રાદેશિક કમિશનર, ભાવનગર ઝોનની કચેરી દ્વારા પ્રાદેશિક કમિશનર ધવલ પંડ્યાના અધ્યક્ષસ્થાને ભાવનગર અને અમરેલી જિલ્લાની નગરપાલિકાઓના અધિકારી અને કર્મચારીઓ માટે ભાવનગર જિલ્લાના ઝવેરચંદ મેઘાણી ઓડિટોરીયમ, સરદારનગર ખાતે પાણી પુરવઠા અંગેની તાલીમ યોજવામાં આવી. તાલીમમાં કુલ ૧૨૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય પાણી પુરવઠા સંબંધિત કર્મચારીઓ અને અધિકારીઓને નવીન તકનીકો, જાળવણી પ્રક્રિયા, પાણીની ગુણવત્તા નિયંત્રણ તેમજ આપત્તિ સમયે ઝડપી પ્રતિસાદ માટે સુસજ્જ કરવાનો છે. તાલીમ કાર્યક્રમમાં પાણી શુદ્ધિકરણ, પાઈપલાઈનની જાળવણી, લીકેજ નિયંત્રણ, પાણી બચતના ઉપાયો, ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં પુરવઠા વ્યવસ્થાની કાર્યક્ષમતા વધારવા અંગે સમજૂતિ આપવામાં આવી. તેમજ ડિજિટલ મોનિટરિંગ સિસ્ટમ, ફરિયાદ નિવારણ પ્રક્રિયા અને જનજાગૃતિ કાર્યક્રમોની મહત્વતા ઉપર પણ પ્રકાશ પાડવામાં આવ્યો. પાણી પુરવઠા અંગેની તાલીમ રાજય કક્ષાના માસ્ટર ટ્રેનર અને વિસાવદર નગરપાલિકાના ચીફ ઓફિસર પી.જે. વઘાસીયા દ્વારા આપવામાં આવી. ફ્લોમીટરની કાર્યપ્રણાલી અંગેની સમજણ આરોહી ઈમ્બેડેડ સિસ્ટમ પ્રાઈવેટ લિ.ની ટીમ દ્વારા આપવામાં આવી તેમજ રોડ અને બિલ્ડીંગ વિભાગના નિવૃત કાર્યપાલક ઈજનેર જતીન ઓઝા દ્વારા રોડ, બ્રિજ અને બિલ્ડીંગ વિષય પર વિશેષ તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન પ્રાયોગિક ઉદાહરણો અને કેસ સ્ટડી દ્વારા ભાગ તાલીમાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન પૂરૂં પાડ્યું. આ પ્રકારની તાલીમથી ભાવનગર અને અમરેલી જિલ્લામાં પાણી પુરવઠા સેવા વધુ સઘન, વિસનીય અને જનહિતકારી બનશે તેવી આશા વ્યકત કરવામાં આવી. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ દ્વારાવર્ષ ૨૦૨૫–૨૬ને ''અર્બન ડેવલપમેન્ટ યર'' તરીકે ઉજવણી થઈ રહી છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા શહેરોના વિકાસ અને લોકોને સુવિધાઓ આપવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે વર્ષ ૨૦૨૫–૨૬માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, અમૃત ૨.૦ યોજના, ૧૫મુ નાણાપંચ, આઈકોનિક રોડ વિકસાવવા, ઉપરાંત સ્વચ્છતા અને અન્ય બાબતો માટે બજેટ ફાળવવા આવેલ છે, જે ગત વર્ષ કરતા ૪૦% વધુ છે, આ વધુ ગ્રાન્ટ ફાળવવાનો ઉદ્દેશ લોકોને ગુણવત્તાયુકત પાણી અને સારા રસ્તાઓ આપવા, શહેરની સફાઈ અને પર્યાવરણ સુધારો તેમજ વહીવટી કામગીરીનું ડિઝિટલાઈઝેશન કરવાનો છે.

# અમરેલી વિસ્તાર કડવા પાટીદાર દ્વારા અમદાવાદ મુકામે હોસ્ટેલ નિર્માણનો મહત્વપૂર્ણ સંકલ્પ










અમરેલી વિસ્તાર બાવન ગામ કડવા પાટીદાર સમાજ દ્વારા રાજકોટ સંસદીય મતવિસ્તારના સાંસદ પરશોતમભાઈ રૂપાલાની આગેવાની હેઠળ અમદાવાદ મુકામે અમરેલી વિસ્તારના દીકરા–દીકરીઓના ઉચ્ચ અભ્યાસ માટે હોસ્ટેલ નિર્માણનો મહત્વપૂર્ણ સંકલ્પ લેવામાં આવ્યો છે. આ હેતુસર નાણાકીય ફંડ એકત્ર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. તા. ૨૮/૧૨/૨૦૨૫ ના રોજ જીવનદીપ મેડિકલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા દાતાઓ પરત્વે કૃતજ્ઞતા વ્યક્ત કરવા સુરત ખાતે સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં સુરત, અમદાવાદ, રાજકોટ, વડોદરા, નાસિક, મોરબી, ગોંડલ, મુંબઈ વગેરે શહેરોમાં વસતા ઉદ્યોગપતિ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. અમરેલી વિસ્તાર કડવા પટેલ જ્ઞાતિ કેળવણી પ્રચારક મંડળના પ્રમુખ ઠાકરશીભાઈ મેતલીયા અને ઉમિયા પરિવાર સંગઠન સમિતિ સૌરાષ્ટ્ર ઝોનના ઉપપ્રમુખ વજુભાઈ ગોલ દ્વારા સમાજના દીકરા–દીકરીઓના ઉજજવળ ભવિષ્ય અને સુદઢ કારકિર્દી નિર્માણના હેતુસર રૂા. ૪૦ કરોડના ખર્ચે અમદાવાદ મુકામે સાકાર થનાર આધુનિક હોસ્ટેલ યોજનાની વિસ્તૃત માહિતી રજૂ કરી હતી. સાથે સાથે અમરેલી બહાર વસવાટ કરતા ઉદ્યોગપતિઓ તથા સામાજિક આગેવાનોને આ મહવના પ્રોજેકટમાં આર્થિક યોગદાન આપી પોતાના વતન પ્રત્યેનું ઉત્તરદાયિત્વ નિભાવવાની ભાવપૂર્ણ અપીલ કરી હતી. સાંસદ પરશોતમભાઈ રૂપાલાએ અધ્યક્ષ ઉદબોધનમાં વિસ્તૃત માહિતી આપતા જણાવેલ કે આજનો યુગ અત્યંત પરિવર્તનશીલ છે અને સમગ્ર વિશ્વ સાથે આપણો સમાજ પણ આધુનિક ટેકનોલોજીના યુગમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. ઉચ્ચ અભ્યાસ અને રોજગારી માટે મહાનગરો તરફ જવું આવશ્યક બન્યું છે. મહાનગરોમાં ઊભા થતા વિવિધ પ્રશ્નો, મુશ્કેલીઓ તથા અસુરક્ષિત પરિસ્થિતિઓ વચ્ચે આપણા દીકરા–દીકરીઓને સુરક્ષિત રાખવા માટે સમાજ સંચાલિત છાત્રાલય એક મજબૂત કવચરૂપ સાબિત થાય છે. આવા છાત્રાલયોમાં સંસ્કારસભર અને સકારાત્મક સામાજિક માહોલમાં રહેવાની તક મળે છે, જે વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે ઉજજવળ ભવિષ્ય તરફ દોરી જાય છે. આ સમગ્ર પ્રક્રિયા સમાજની સામૂહિક સામાજિક જવાબદારી હોવાનું તેમણે ભારપૂર્વક જણાવ્યું. ખાસ કરીને અમદાવાદ ખાતે નિર્માણ થનાર હોસ્ટેલ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે જો સમાજના દરેક સભ્ય દૈનિક માત્ર એક રૂપિયાની બચત શરૂ કરે, તો વિશાળ ફંડનું સર્જન શકય બની શકે. આ માટે સમાજના દરેક વ્યક્તિને આ અભિયાનમાં સહભાગી થવા માટે તેમણે ઉત્સાહપૂર્વક અપીલ કરી હતી. આ સમારોહમાં સીદસર ઉમિયા મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી જયવંતભાઈ ફીણાવા, મોરબીના ધીરૂભાઈ કાવઠીયા, અમદાવાદના મનુભાઈ જાવિયા તથા મકનભાઈ નરોડિયા, સુરતના મનસુખભાઈ વામજા, હરેશભાઈ પરવાડીયા, નાસિકના જયંતીભાઈ તથા ધીરૂભાઈ મેતલીયા સહિત સમાજના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સુરત મુકામે વસતા કડવા પાટીદાર સમાજના આગેવાનો પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સન્માન સમારોહના આયોજન માટે જીવનદીપ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ હિંમતભાઈ વામજા, ઉપપ્રમુખ વિઠ્ઠલભાઈ માતરીયા, મંત્રી રમેશભાઈ ચત્રોલા તેમજ દ્વારકેશભાઈ ધામત, રમેશભાઈ આદ્રોજા, જીગ્નેશભાઈ રજોડીયા, ભરતભાઈ ગામી, સુરેશભાઈ કણસાગરા, દિનેશભાઈ પરવાડીયા અને ટ્રસ્ટના સર્વ સભ્યોએ સક્રિય સહયોગ આપ્યો હતો. સાથે સાથે સભામાં ઉપસ્થિત સભ્યો દ્વારા વિવિધ મહત્વપૂર્ણ મુદાઓ અંગે પોતાના મત અને સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા.

## દેવગામ જવાનાં માર્ગે જમાવટ કરી હતી

# વડિયાનાં રાંદલનાં દડવા ગામેથી ૬ પત્તાપ્રેમીઓની અટકાયત કરાઈ

અમરેલી, તા. ૧

વડિયાનાં રાંદલનાં દડવા ગામનાં દેવગામ જવાના માર્ગ ઉપર ૬ પતાપ્રેમીઓએ જુગારનો પ ટ્ટ માંડતો પોલીસે તમામ પતાપ્રેમીઓની ૩૪,૭૦૦નાં મુદ્દામાલ સાથે અટકાયત કરેલ છે. પોલીસે લાલજીભાઈ પેથાણી, ગુણવંતભાઈ મોવલીયા, હરેશભાઈ બાંભવા, ચતુરભાઈ ભીમજીભાઈ, હરેશભાઈ સુસરા અને અશોકભાઈ રાઠોડ સહિત ૬ વ્યકિત વિરૂઘ્ઘ કાર્યવાહી શરૂ કરી.

પાના ૧ ઉપરનું ચાલું

## મગરે દેખા દીધી

આવતી હોય છે. તેવી જ જંગલ વિસ્તારમાંથી પૂરના પાણી સાથે મગર આવી હોવાની શકયતા નકારી શકાતી નથી.

ધારીના આ ખોડિયાર જળાશયનું પાણી ધારી શહેરની ચારે દિશાએથી લોકોનાં વસવાટ વાળા વિસ્તારને સ્પર્શ કરતાં હોય. ત્યારે ધારીના ખોડિયાર જળાશયના પાણીમાં કદાવર મગર ધારી શહેરનાં રહેણાંક વિસ્તારમાં આવી ચડે તેવાં ભય લોકોને સતાવી રહયો છે.

ખોડિયાર જળાશય, લોકો માટે ફરવા માટેનું અતિ મહત્વનું સ્થાન છે. આ જળાશયના કિનારે જ ગળધરા ખોડિયાર માતાજીનું પૌરાણિક મંદિર આવેલું છે. ત્યાં પણ લોકો દર્શનાર્થ આવે છે. આ ઉપરાંત ત્યાં સફારીપાર્ક પણ આવેલ હોવાથી રોજ હજારો પર્યટકો સિંહ દર્શન માટે આવતાં હોય છે. ત્યારે ખોડિયાર જળાશયમાં મગર આવેલ હોય તે પણ આકર્ષણનું કેન્દ્ર બનશે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૩૦ | ૧૩૦૦ |
| ૨ | ઘઉં | ૪૪૫ | ૫૨૪ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૪ | તુવેર | ૧૦૨૧ | ૧૦૨૧ |
| ૫ | અડદ | ૯૨૫ | ૯૨૫ |
| ૬ | તલ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૭ | શીંગદાણા | ૧૨૩૦ | ૧૩૧૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૪૦ | ૧૩૫૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૨૨૦ | ૧૨૪૫ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૧૦૦ | ૧૩૯૦ |
| ૪ | શિંગ મોટી | ૯૦૦ | ૧૪૨૫ |
| ૫ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૫૨૦ |
| ૬ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૭૫ |
| ૭ | તલ કાળા | ૨૦૭૦ | ૪૭૯૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૨૭૦ | ૨૨૭૦ |
| ૯ | બાજરો | ૩૭૧ | ૭૦૧ |
| ૧૦ | જુવાર | ૬૯૦ | ૬૯૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૯૧ | ૫૫૯ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૬૧ | ૫૪૪ |
| ૧૩ | મગ | ૬૦૦ | ૯૦૫ |
| ૧૪ | અડદ | ૬૪૦ | ૧૨૮૬ |
| ૧૫ | ચણા | ૭૨૦ | ૧૦૨૮ |
| ૧૬ | સફેદ ચણા | ૭૫૦ | ૧૬૫૦ |
| ૧૭ | કપાસ | ૧૦૭૦ | ૧૫૯૫ |
| ૧૮ | એરંડા | ૧૦૫૦ | ૧૩૦૫ |
| ૧૯ | જીરૂ | ૩૦૦૦ | ૩૮૭૫ |
| ૨૦ | રાય | ૧૬૫૦ | ૧૮૦૦ |
| ૨૧ | ધાણા | ૧૪૦૦ | ૧૮૫૦ |
| ૨૨ | મેથી | ૭૦૦ | ૯૩૫ |
| ૨૩ | સોયાબીન | ૭૦૦ | ૯૧૦ |
| ૨૪ | મરચા લાંબા | ૧૧૯૦ | ૪૪૬૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં પોસ્ટ ઓફિસ પાછળનો માર્ગ

સુધી કેબિનોની હારમાળા જોવા મળે તો સામેની બાજુની દીવાલ નજીક ગંદકીનાં ગંજ ખડકાયા છે અને ગંદકી ફેંદતી ગૌ–માતાનાં દ્રશ્યો રોજિંદા સામે આવી રહ્યા છે અને કોઈપણ શહેરીજનને માર્ગ પરથી પસાર થવું હોય તો નાકે રૂમાલ બાંધીને પસાર થવું પડે તેટલી બદબુ માર્ગ ઉપરથી આવી રહી છે.

અમરેલીનાં શહેરીજનો ધીરજ પ્રકૃતિનાં હોવાનાં ભરપૂર લાભ પાલિકાનાં શાસકો લઈ રહ્યા છે અને પદાધિકારીઓ પણ આ બાબતે ગંભીરતા દાખવતાં નથી. પણ અમુક નાગરિકો આ બાબતે મીડિયાનું ધ્યાન દોરી રહ્યા છે.


**ઈશ્વરીયા પ્રાથમિક શાળા, મુ. ઈશ્વરીયા**
**તા. બાબરા, જી. અમરેલી**

**:: જાહેર નિવિદા ::**

આથી તમામ જાહેર જનતાને જણાવવાનું કે, ઈશ્વરીયા પ્રાથમિક શાળા હસ્તકના જર્જરીત રૂમ – ૨ (બે) સ્લેબવાળાની જાહેર હરરાજીથી નિકાલ નીચે જણાવેલ તારીખ, સમય અને સ્થળે જણાવેલ શરતોને આધીન કરવાની હોય, રસ ધરાવતા તમામ લોકોને આ શાળાની હરરાજીમાં ભાગ લેવા જાણ કરવામાં આવે છે.

હરરાજી તારીખ : ૧૩/૦૧/૨૦૨૬, મંગળવાર
હરરાજી સમય : બપોરે ૩ : ૦૦ કલાકે
હરરાજી સ્થળ : ઈશ્વરીયા પ્રાથમિક શાળા પટાંગણ

શરતો : (૧) હરરાજીમાં ભાગ લેવા માંગતા માંગણીદારોએ હરરાજીના સમય પહેલા ડિપોઝીટ પેટે રૂા. ૧૦૦૦/– (એક હજાર) જમા કરનાર જ હરરાજીમાં ભાગ લઈ શકશે. (૨) માંગણીદારે જર્જરીત રૂમની અફસેટ કિંમત રૂા. ૫૦૦૦/– (પાંચ હજાર) મુજબની માંગણી કરવાની રહેશે. (૩) વર્ક ઓર્ડર આપ્યાથી હરરાજીની જગ્યા માંગણીદારે દિન–૧૫માં ચોખ્ખી અને ખુલ્લી કરી આપવાની રહેશે. (૪) હરરાજી થયા બાદ શાળા રૂમ પાડવાના સમયે જો કોઈ નુકસાની કે જાનહાનીનો બનાવ થશે તો તેની તમામ સંપુર્ણ જવાબદારી હરરાજીનું કામ રાખનારની રહેશે. (૫) હરરાજીમાં આખરી બોલી બોલનારે સ્થળ પર જ રકમ તાત્કાલીક જમા કરાવવાની રહેશે. (૬) અન્ય નિયમો, શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

નોંધ : અન્ય શરતોને આધીન
SMC – ઈશ્વરીયા

આચાર્યશ્રી
ઈશ્વરીયા પ્રાથમિક શાળા
તા. બાબરા, જિ. અમરેલી
મો. ૯૯૨૫૮ ૧૨૧૨૯
૭૬૨૨૯ ૯૩૩૮૩


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૬૦ | ૧૫૨૭ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૧૫ | ૯૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૧ | ૧૫૩૪ |
| ૨ | મગફળી | ૧૦૬૧ | ૧૩૦૦ |
| ૩ | ઘઉં | ૬૦૦ | ૬૦૦ |
| ૪ | લસણ | ૧૨૦૦ | ૧૨૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૦૯૧ |
| ૪ | તલ કાળા | ૨૫૦૦ | ૪૪૦૧ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૧૮૬ |
| ૬ | કપાસ | ૧૨૫૦ | ૧૫૫૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૦ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૬૭૭ |
| ૧૦ | અડદ | ૭૫૦ | ૧૧૫૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૦૧૦ |
| ૧૨ | તુવેર | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ૧૩ | એરંડા | – | ૧૦૫૦ |
| ૧૪ | ધાણા | ૧૨૦૦ | ૧૬૫૦ |
| ૧૫ | સોયાબીન | ૮૧૦ | ૯૨૨ |

પાના ૧ ઉપરનું ચાલું

## પિતાએ સગ્ગા દીકરાને

ઝઘડો અને તકરાર કરતો હોય. જેનાથી કંટાળી જઈ સગ્ગા પિતા વશરામભાઈએ પોતાના જ પુત્રને ગત તા. ૨૪/૧૧ના રાત્રે ૯ વાગ્યે પોતાના ઘરે ચોટીયો (દોરડુ) વડે ગળુ દબાવી હત્યા કરી અને લાશને પોતાની વાડીના શેઢે દાટી દીધી હતી.

આ બનાવમાં ધારી પોલીસે જણાવ્યું હતું કે, આરોપી વશરામભાઈ શામજીભાઈ સેજલીયાની વાડીમાં દાટી દીધેલ લાશ કોઈ કારણોસર જમીનની બહાર આવી જતાં શેઢા પડોશી દ્વારા પોલીસને જાણ કરવામાં આવતાં ધારી પોલીસ તથા મામલતદાર તંત્ર દ્વારા આ મૃતદેહને જમીનમાંથી બહાર કાઢી ફોરેન્સિક પી.એમ. અર્થે શબ ભાવનગર ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવેલ હતી. આ બનાવને લઈ ધારી પંથકમાં ભારે ચકચાર મચી જવા પામેલ છે. આ બનાવમાં ધારી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર કૃષ્ણદેવસિંહ બાબુભા જાડેજાએ મૃતકનાં આરોપી પિતા સામે ફરિયાદ નોંધાવતા ખાંભા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એમ.એ. દેસાઈએ વધુ તપાસ હાથ ધરેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૭૬ | ૧૫૮૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૦૩૦ | ૧૨૫૦ |
| ૩ | મગફળી | ૧૦૮૨ | ૧૩૫૮ |
| ૪ | તલ સફેદ | ૧૫૪૦ | ૨૦૦૦ |
| ૫ | તલ કાળા | ૩૩૧૦ | ૪૩૦૦ |
| ૬ | જીરૂ | ૩૦૫૫ | ૪૦૯૫ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૫૫ |
| ૮ | ચણા | ૯૨૨ | ૧૦૮૮ |
| ૯ | અડદ | ૯૧૦ | ૧૨૧૦ |
| ૧૦ | સોયાબીન | ૭૯૫ | ૮૮૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૭૬ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૧૯ |
| ૪ | અડદ | ૭૪૦ | ૭૪૦ |
| ૫ | ચણા | ૮૫૦ | ૧૦૦૬ |
| ૬ | ધાણા | ૧૬૧૦ | ૧૬૧૦ |
| ૭ | મેથી | ૭૨૦ | ૭૨૦ |
| ૮ | સોયાબીન | ૫૦૦ | ૯૨૧ |
| ૯ | મગફળી | ૭૦૦ | ૧૨૫૦ |
| ૧૦ | ચણા સફેદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૪૧૧ |
| ૧૨ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૨૦ |
| ૧૩ | લસણ | ૭૭૦ | ૧૦૦૦ |

## ઘરકંકાસનો મુદ્દો જાહેર માર્ગ પર આવી ગયો

# ઉના : પતિનાં ત્રાસથી કંટાળેલી મહિલાએ જાહેર માર્ગ પર ૨ કલાક સુધી ધરણા કર્યા

### પાંચ વર્ષની દીકરી પણ તેમની માતા સાથે બેસી ગઈ


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧

ઉના શહેરમાં નવા વર્ષની શરૂઆત સાથે જ એક હૃદયદ્રાવક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. કહેવત છે કે ''ઘરની વાત ઘરમાં રહે તો સારી, પણ અન્યાય સહન કરવો પાપ'' અને આ કહેવતને જીવંત કરતી ઘટના ઉના શહેરનાં બ્લડ બેંક નજીક જોવા મળી. જયાં પતિના સતત ત્રાસથી કંટાળેલી એક મહિલાએ જાહેર રોડ પર બેસી જઈ ન્યાય માટે અવાજ ઉઠાવ્યો.

ઉનાના ઋષિતોય સોસયટીમાં રહેતા કિરણબેન જનકભાઈ મહેતા (પાંચા વાણિયા) નામની મહિલાએ ગંભીર આક્ષેપો સાથે જણાવ્યું કે તેમના પતિ જનકભાઈ ભરતભાઈ મહેતા દારૂના નશામાં અવારનવાર મારપીટ કરતા હતા તેમજ પત્નીના લાખો રૂપિયાના દાગીના પણ વહેંચી નાખ્યા છે તેમજ દીકરીના આંગણવાડીના ૫ હજાર રૂપિયા પણ લઈ વાપરી નાખ્યા છે. મહિલાના જણાવ્યા મુજબ પતિએ માત્ર મારપીટ જ નહી પરંતુ પત્ની અને નાની દીકરી પર જીવજંતુ મારવા માટે વપરાતો હિટ સ્પ્રે છાંટી હિંસા આચરવાનો પણ આક્ષેપ કર્યો છે. કહેવત છે કે ''નશો ન બુધ્ધિ જુએ, ન સંબંધ'' અને આ ઘટનામાં એ વાત ફરી એકવાર સાચી સાબિત થઈ છે.

નવા વર્ષના દિવસે પતિ–પત્ની વચ્ચે ફરી ઉગ્ર ઝઘડો થયો હતો. સમાજના આગેવાનો ધ્વારા સમજાવટ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો પરંતુ કહેવત મુજબ ''ઘાવ અંદરના હોય ત્યારે શબ્દો કામ નથી કરતા.'' અંતે પતિના ત્રાસથી હદે પહોંચેલી મહિલાએ જાહેર માર્ગ પર બેસી જઈ વિરોધ નોંધાવ્યો હતો.

મહત્વનું એ છે કે મહિલા અંદાજે બે કલાક સુધી જાહેર રોડ પર બેસી રહી જેના કારણે રસ્તા પર લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. વધુ કરૂણ બાબત તો એ છે કે મહિલાની માત્ર પાંચ વર્ષની નાની દીકરી પણ માતા સાથે રોડ પર બેસી ગઈ હતી. જેને જોઈ સ્થાનિક લોકોના હૃદય દ્રવી ઉઠયા હતા. કહેવત છે કે ''બાળકના આંસુ પથ્થર પણ પીંગળાવે.'' પરંતુ અહી પ્રશ્ન એ ઉભો થયો કે શું તંત્રનું હૃદય પીંગળ્યુ ?

મહિલાનો આક્ષેપ છે કે અગાઉ પણ ઉના પોલીસ સ્ટેશનમાં અનેક વખત પતિ જનક વિરૂઘ્ઘ ફરિયાદો કરવામાં આવી હતી. પરંતુ ''અરજી આવે, ફાઈલ ચડે અને ન્યાય અટકી જાય'' જેવી સ્થિતિ સર્જાઈ હોવાનું તેણીનું કહેવું છે. વારંવાર રજૂઆત છતાં કોઈ નકકર કાર્યવાહી ન થતાં આખરે મહિલાને રસ્તા પર ઉતરવું પડયું હતું.

મહિલા જાહેર રોડ પર બેસી જતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. સમજાવટ બાદ મહિલાને અને તેની દીકરીને પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. મહિલાનું એક જ રટણ છે ''મને ન્યાય જોઈએ, પતિ સામે કડકલ કાર્યવાહી કરો.'' હાલ મહિલાએ ફરી એકવાર પતિ સામે લેખિત અરજી આપી છે.

આ સમગ્ર ઘટનાને લઈ ઉના પોલીસની કામગીરી પર પણ સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે ''જયાં રક્ષક સુએ ત્યાં ભક્ષક જાગે.'' પીઆઈ ચેમ્બર બહાર ઓછા જોવા મળતા હોવાની ચર્ચા પણ શહેરમાં જોરશોરથી થઈ રહી છે.

કહેવત છે કે ''નયાય મોડો મળે તો પણ મળવો જોઈએ'' હવે જોવાનું રહ્યું કે આ વખતની ફરિયાદ માત્ર કાગળ પર જ અટકી રહેશે કે પછી ખરેખર પીડિત મહિલાને ન્યાય મળશે. સમગ્ર ઉના શહેરની નજર હવે પોલીસની આગામી કાર્યવાહી પર મંડાઈ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૨૧ | ૧૩૨૫ |
| ૨ | તલ સફેદ | ૧૬૫૧ | ૨૧૦૦ |
| ૩ | તલ પીળા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૪ | કપાસ | ૯૫૧ | ૧૫૬૧ |
| ૫ | બાજરો | ૩૭૮ | ૪૩૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૭૦ |
| ૭ | જુવાર | ૫૪૧ | ૧૧૫૨ |
| ૮ | મગ | ૯૨૬ | ૨૧૦૦ |
| ૯ | અડદ | ૮૦૭ | ૯૭૧ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | ચણા | ૭૮૬ | ૯૪૦ |
| ૧૨ | સોયાબીન | ૭૦૧ | ૮૦૮ |

# અમરેલીના બસ પોર્ટ ખાતે રાજયમંત્રી કૌશિક વેકરિયાએ નવી પાંચ બસનું કર્યુ લોકાર્પણ






અમરેલી ખાતે મુસાફરોની સુવિધા અને સુરક્ષાને વિશેષ ધ્યાનમાં રાખીને ૫ નવીન બસોને નવપ્રસ્થાન કરાવવામાં આવ્યું. આ પ્રસંગે રાજયના કેબિનેટ મંત્રી કૌશિક વેકારીયા ઉપસ્થિત રહ્યા હતા. નવી બસોની શરૂઆતથી અમરેલી અને આસપાસના વિસ્તારોના મુસાફરોને વધુ આરામદાયક, સુલભ અને સમયબદ્ધ મુસાફરીનો લાભ મળશે. કાર્યક્રમ દરમિયાન મંત્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા જાહેર પરિવહનને વધુ મજબૂત અને આધુનિક બનાવવાના સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. નવી બસો શરૂ થતાં વિદ્યાર્થી, નોકરીયાત, વેપારીઓ તેમજ ગ્રામ્ય વિસ્તારોના મુસાફરોને મોટી રાહત મળશે. ખાસ કરીને લાંબા અંતરના રૂટ પર મુસાફરી કરનારાઓ માટે સમય બચત અને આરામદાયક સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ નવી બસોમાં આરામદાયક બેઠકો, સુરક્ષા માટે જરૂરી આધુનિક વ્યવસ્થા, તેમજ નિયમિત સમયપત્રક મુજબ સેવાઓ આપવામાં આવશે. બસોની સ્થિતિ, ડ્રાઈવર અને કંડક્ટરની તાલીમ તથા સુરક્ષા ધોરણોનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે, જેથી મુસાફરો નિર્ભયતાપૂર્વક મુસાફરી કરી શકે. અમરેલી બસ સ્ટેન્ડ પર યોજાયેલા આ નવપ્રસ્થાન કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ નવી બસ સેવાની શરૂઆતને આવકાર આપ્યો હતો અને સરકારના આ પગલાંની પ્રશંસા કરી હતી. નવી બસોની શરૂઆતથી અમરેલી જિલ્લાના જાહેર પરિવહન તંત્રને વધુ વેગ મળશે અને શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારો વચ્ચેનું જોડાણ વધુ મજબૂત બનશે. મુસાફરો માટે સુરક્ષિત, સુલભ અને સમયસર સેવા ઉપલબ્ધ કરાવવાનું આ મહત્વપૂર્ણ પગલું ગણાઈ રહ્યું છે.

### જનકભાઈ તળાવીયા દ્વારા ખાતમુર્હૂત

## બાબરા : જામબરવાળા–હીરાણા માર્ગ ઉપર ૨ કરોડનાં ખર્ચે બ્રિજ બનશે

### સમગ્ર પંથકના ગ્રામજનોમાં ખુશીનો માહોલ




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૧

બાબરા તાલુકાના જામ બરવાળાથી હિરાણા માર્ગ પર લાંબા સમયથી આવશ્યક બનેલા માઈનોર બ્રિજના નિર્માણ માટે રાજય સરકાર દ્વારા રૂ. ૨ કરોડની ફાળવણી મંજૂર કરવામાં આવી છે. પાણીના પ્રવાહ અને મૌસમી વરસાદી પરિસ્થિતિમાં ગામજનોને થતી મુસાફરીની મુશ્કેલીઓને દૂર કરવા માટે આ મહત્વપૂર્ણ બ્રિજનું શુભ ખાતમુહૂર્ત ધારાસભ્ય જનક તળાવિયાના કરકમલેથી આજે વિધિપૂર્વક કરવામાં આવ્યું.કાર્યક્રમને સંબોધતા ધારાસભ્યએ જણાવ્યું કે, જામ બરવાળા–હિરાણા માર્ગ પર વર્ષોથી વરસાદી દિવસોમાં અવરજવર અસરગ્રસ્ત બનતી હતી. આ બ્રિજ બનવાથી મુસાફરીમાં થતા જોખમો દૂર થશે, સુરક્ષિત અને સતત પરિવહન સુનિશ્ચિત થશે અને ગ્રામ્ય વિસ્તારોના વિકાસને વધુ વેગ મળશે. ખેડૂતભાઈઓ, વિદ્યાર્થીઓ, દૈનિક મુસાફરો તેમજ ત્યાંના વેપાર–ધંધા સાથે સંકળાયેલા લોકો માટે આ બ્રિજ જીવનરેખા સાબિત થશે.ધારાસભ્યએ વધુમાં કહ્યું કે બાબરા તાલુકાના સર્વાંગી વિકાસ માટે માર્ગ, પાણી, વીજળી જેવી મૂળભૂત સુવિધાઓને વધારે મજબૂત કરવા રાજય સરકાર પ્રતિબદ્ધ છે. આ પ્રકારના પ્રોજેક્ટો દ્વારા ગ્રામ્ય વિસ્તારોના વિકાસમાં નવી ઊંચાઈઓ સર કરાશે.આ પ્રસંગે જીલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા ભાજપના પ્રમુખ, તાલુકા પંચાયતના સદસ્યો, જામ બરવાળા તેમજ હિરાણા સરપંચ, સ્થાનિક આગેવાનો, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ લાંબા સમયથી અપેક્ષિત આ વિકાસકાર્યની શરૂઆત થતાં આનંદ વ્યકત કર્યો અને ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો. ગામજનોમાં વિકાસયાત્રા પ્રત્યે આશાવાદનો માહોલ જોવા મળ્યો હતો અને નિર્માણ કાર્ય સમયસર પૂર્ણ થાય તેવી શુભકામનાઓ પાઠવી.

## શાખાનાં પુષ્પો

રજુઆત **શ્રી અર્જુન ગઢિયા** અમરેલી

સ્વતંત્રતા સંગ્રામના મહાન સેનાપતિ તાત્યા ટોપેની સુંદરતા પર એક અજીજાન નામની નર્તકી વારી ગઈ. તાત્યાના હૃદયને જીતવા તેણે રસિકતાના બાણ છોડયા, પણ તાત્યાએ તેને કહ્યું, 'તું એ સમજી લે કે મારા જીવનની એક માત્ર તમન્ના અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢવાની છે. આ વિચાર સિવાયના બીજા કોઈ ખ્યાલ માટે મારા ચૈતન્યમાં અવકાશ નથી, પણ તું જો મને ખરેખર ચાહતી હોય તો આ શ્રેષ્ઠ ઉદેશ્યની સિદ્ધિ માટે મને સાથ આપ એમાં જ મને આનંદ મળશે. અજીજાન તરત જ તે માટે તૈયાર થઈ ગઈ. તેણે તેનું બધું દ્રવ્ય તાત્યાને આપી અને તેની યોજના અનુસાર અંગ્રેજોની લશ્કરી છાવણીમાં ગઈ. ત્યાં જઈ તેઓની ગુપ્ત માહિતી સ્વતંત્રતા સંગ્રામના નેતાઓ સુધી પહોંચાડતી અંતે વીરગતિને પામી.

**સોડમ** : મહાપુરૂષો પોતાના આદર્શની સિદ્ધિ માટે માર્ગમાં આવતા પ્રલોભનોને પણ પોતાના સાથી બનાવી દે છે.

## સાવરકુંડલાનાં એસ.ટી. વર્કશોપ રીનોવેશનનું ધારાસભ્ય કસવાલાએ કર્યુ નિરીક્ષણ




અમરેલી, તા. ૧

સાવરકુંડલા ધારાસભ્ય મહેશ કસવાલા એ આજે સાવરકુંડલા શહેરના જૂના બસ સ્ટેન્ડ ખાતે આવેલી એસ.ટી. વર્કશોપના ચાલી રહેલા રીનોવેશન કાર્યનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે કામગીરીની પ્રગતિ અંગે અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી.

નિરીક્ષણ દરમિયાન ધારાસભ્ય મહેશ કસવાલાએ રીનોવેશન કાર્યની ગુણવત્તા પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે એસ.ટી. વર્કશોપ માત્ર કર્મચારીઓ માટે નહીં પરંતુ સમગ્ર જાહેર પરિવહન વ્યવસ્થાનો મહત્વનો આધાર છે. તેથી કામ મજબૂત, ગુણવત્તાસભર અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે અત્યંત જરૂરી છે.

તેમણે અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી કે રીનોવેશન દરમિયાન મુસાફરોને કોઈ પ્રકારની અસુવિધા ન થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે. સાથે જ સ્વચ્છતા, સુરક્ષા વ્યવસ્થા અને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવા આયોજન સાથે કામગીરી આગળ વધારવા જણાવ્યું હતું.

આ અવસરે એસ.ટી. વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્યના આ નિરીક્ષણથી કાર્યમાં વધુ ગતિ અને જવાબદારી વધશે તેવી આશા વ્યકત કરવામાં આવી હતી. સ્થાનિક નાગરિકોએ પણ આ કામગીરી પૂર્ણ થવાથી સાવરકુંડલાની જાહેર પરિવહન સુવિધામાં સુધારો થશે તેવી અપેક્ષા વ્યકત કરી હતી.

### B.com (EM) sem-II પરીક્ષામાં

## અમરેલી : શ્રીમતી આર.કે. વઘાસીયા કોમર્સ મહિલા કોલેજનું ૯૮ ટકા પરિણામ

### નિરાલી ઘાંઘલ, મનસ્વી લહેરી અને તનીશા કાનાડીયા અગ્રેસર





અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શ્રીમતી આર.કે. વઘાસીયા કોમર્સ મહિલા કોલેજનું B.com sem-IIનું યુનિવર્સિટીનું વાર્ષિક પરિણામ ૯૮% પરિણામ આવેલ છે.કોલેજની વિદ્યાર્થીની નિરાલી ઘાંઘલ, મનસ્વી લહેરી અને તનીશા કનાડીયાએ અનુક્રમે ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ સ્થાન મેળવી સંસ્થાનું ગૌરવ વધારતાં ટ્રસ્ટી અને સ્ટાફગણે શુભેચ્છા પાઠવી છે.

### ઢસા–દામનગર–ગારીયાધાર રોડ પર

## પાડશિંગા ગામ પર હાઈવે પરથી પસાર થતા વાહન ચાલકોએ વૈકલ્પિક માર્ગ અનુસરવો

### પુલ નિર્માણનું કાર્ય શરૂ થવાનું હોવાથી વૈકલ્પિક રૂટ જાહેર

અમરેલી, તા. ૧

માર્ગ મકાન વિભાગ રાજય હસ્તકના ઢસા–દામનગર–ગારિયાધાર રોડ પર આવેલા પાડરશિંગા ગામમાં ૪ નવા પુલ નિર્માણનું કાર્ય શરૂ થવાનું હોવાથી હાઈવે પરથી પસાર થતા તમામ વાહનોનો ટ્રાફીક ડાયવર્ટ કરવા માટે વૈકલ્પિક રૂટ જાહેર કરતું માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દિલિપસિંહ ગોહિલે ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ (૦૧ (બી) હેઠળ જાહેરનામું બહાર પાડયું છે. આ જાહેરનામાં મુજબ વાહન ચાલકોએ વૈકલ્પિક રૂટઅનુસાર ઢસા – દામનગર –ગારીયાધાર હાઈવે પરના ચેનેજ ૧૬/૨૦૦ પર આવેલા પાડરશિંગા ગામમાં જવા માટેના એપ્રોચ રોડ પરથી પાડરિશંગા ગામમાંથી પસાર થતા રસ્તા પરથી પસાર થઈ બીજી તરફ ચેનેજ ૧૭/૭૦૦ પરથી પસાર થવાનું રહેશે. રૂટ પરથી પસાર થવાનું રહેશે.આ જાહેરનામું તાત્કાલિક અસરથી તા.૨૨/૦૨/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ –૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

# અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા સન્માન સર્જકતાનું અને સ્નેહમિલન ઉપક્રમ સંપન્ન






અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા યોજેલ ડો. પ્રતાપભાઈ પંડયા એકાંકી નાટયલેખન સ્પર્ધા ૨૦૨૫ના વિજેતા સર્જકોને સન્માનિત/પુરસ્કૃત કરવાનો ઉપક્રમ 'સન્માન સર્જકતાનું અને સ્નેહમિલન' અમરેલી ખાતે તા. ૨૮–૧૨–૨૦૨૫ના રોજ સફળતાપૂર્વક સંપન્ન થયેલ છે. પ્રારંભે પોષ સુદ ૮(આઠમ)ના શુભ દિને દીપ પ્રાગટ્ય માટે ૮(આઠ) સન્નારી સર્જકોના હસ્તે શુભારંભ કરવામાં આવેલ. અમરેલીના જાણીતા ગાયક ધર્મેન્દ્ર જોષી એ મધુર કંઠે પ્રાર્થના રજૂ કરી સ્વરશુકન કરાવ્યા હતા. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ઉમેશભાઈ જોષીએ આ તકે સન્માન સ્વીકાર માટે ઉપસ્થિત પ્રથમ વિજેતા અને પ્રસિદ્ધ સાહિત્યકાર નીલમ દોશી સહિત નગર, જિલ્લામાંથી પધારેલ સહુ સર્જકો ભાવકોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તથા ડો.પ્રતાપભાઈ પંડ્યા સાથેના સ્મરણોની ભાવપૂર્વક વાત કરી હતી. પૂર્વભૂમિકા અને સર્જક પરિચય "ડો.પ્રતાપભાઈ પંડ્યા એકાંકી નાટ્યલેખન સ્પર્ધા ૨૦૨૫"ના સંયોજક ટ્રસ્ટી પરેશ મહેતા એ રજૂ કરેલ. નાટ્યલેખન સ્પર્ધા દ્વારા સર્જકોને સત્વશીલ સાહિત્ય સર્જન કરવા માટે પ્રેરિત કરવાના પ્રમુખ મનીષાબેન પંડ્યાના પ્રોત્સાહક અભિગમની વાત કરી. સહુને શુભેચ્છાઓ પાઠવી હતી. એકાંકી નાટ્યલેખન જેવા સાહિત્યિક દ્રષ્ટિએ અઘરા લેખનમાં પણ ૮૪ (ચોર્યાસી) જેટલા નવોદિતથી લઈને નીવડેલા સર્જકોએ ભાગ લીધો હતો તેની સહર્ષ નોંધ લેવામાં આવી. પ્રથમ વિજેતા સર્જક, જાણીતા વાર્તાકાર, નવલકથાકાર, નીલમબેન દોશીને સન્માન સ્મૃતિ ભેટ, પુસ્તક, શાલથી સંસ્થા વતી ડો. કાલિન્દી પરીખ, ભારતીબેન ગોહિલ, જયોતિબેન પંડ્યા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. આ તકે અન્ય વિજેતા સર્જકઓ રાજેશ દાણી, ડો. શ્લેષા વૈદ્ય, ભાવના હેમંત વકીલના, જગદીશ ગોહેલનો પરેશ મહેતાએ સર્જક પરિચય આપી પ્રમુખ મનીષાબેન પંડ્યા વતી સન્માન શુભેરછાઓ પાઠવવામાં આવી હતી. આ ઉપક્રમમાં પ્રેરક ઉપસ્થિત ડો. કાલિન્દી પરીખ તથા સ્પર્ધામાં નિર્ણાયક તરીકે માનદ સેવા આપનાર સર્જક, ભાવક ભારતીબેન ગોહિલ તથા જયોતિબેન પંડ્યાને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્થા વતી જાગૃતિ રાજયગુરૂ, અલ્પા રાવલ, શીલાબેન પી. મહેતા, પ્રીતિબેન જોષી એ સન્માનિત કર્યા હતા. સન્માન પ્રતિભાવમાં વિજેતા નાટ્યલેખક નીલમ દોશી એ ડો. પ્રતાપભાઈ પંડ્યાની સાહિત્ય સેવાઓને બિરદાવી યાદ કર્યા હતા. મનીષાબેન પંડ્યા અને ટ્રસ્ટીમંડળ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી. સભા સંચાલક કેતન જોશીએ સંસ્થા પરિચય અને પ્રતાપભાઈ પંડ્યાની સ્મૃતિમાં થતી સેવાકીય પ્રવૃત્તિઓની વાત કરી અને નાટ્યશાસ્ત્ર વિશે પણ જાણવા જેવી વાતો કરી. આ તકે ખાસ ઉપસ્થિત એવા સુપ્રસિદ્ધ સાહિત્યકાર ડો. કાલિન્દી પરીખ એ બીજ વકતવ્ય આપતા નાટ્યલેખનની શાસ્ત્રીય સમજ, સંવાદ, રસનિષ્પત્તિ, મંચન કલા, પુરાકથાઓથી લઈને વર્તમાનમાં લખાતા એકાંકી નાટકોની વિશદ છણાવટ કરી હતી. ભારતીબેન ગોહિલ દ્વારા તમામ નાટ્યકૃતિઓમાંથી પસાર થતી વખતના સંવેદનની વાત કરી શુભેચ્છાઓ પાઠવી હતી. સમારોહમાં ખાસ હાજર જાણીતા વાર્તાકાર ગોરધન ભેસાણીયા તથા સાહિત્યકાર, કેળવણીકાર રવજીભાઈ કાચા તેમજ લેખિકા જાગૃતિ રાજયગુરૂએ આનંદમય ઉષ્માભર્યો પ્રતિભાવ આપી સહુને સ્નેહમિલનની શુભેરછાઓ પાઠવી હતી. સભા સંચાલન કેતન જોષી દ્વારા કરવામાં આવ્યું. ઉપક્રમ સફળ બનાવવા ટ્રસ્ટીમંડળ, ઉદય દેસાઈ, મનીષ રામાણી, ધર્મેન્દ્ર જોષી, પરેશ જાની સહિતનાએ જહેમત ઉઠાવી હતી. આ વિશિષ્ટ ગરિમાયુકત સમારોહમાં અમરેલી પંથકના સર્જકો ભાવકો સર્વ બાલ કિશન જોગી, દિલીપ વ્યાસ, ડો. કેતન કાનપરિયા, મહેન્દ્રભાઈ જોશી, નવીન જોશી, ભરત ઉપાધ્યાય, ફિરોઝ હસનાની, સંજીવ ધારૈયા, મયુર દવે, પ્રજ્ઞાબેન ધારૈયા, મનીષ વિંઝુડા, પિયુષ જોટાણીયા, ચેતના બાજક, મુકેશ જોગી, ધર્મેશ ઉનાગર, નિયતિ મહેતા, હિરલ ગોસાઈ, જાગૃતિ રાવલ, નિલેશ પાઠક, કનુભાઈ લીંબાસિયા, પ્રકાશ જોષી, ભીખેશભાઈ જોષી, અનિ મહેતા, નલિન જોશી, જગદીશ મહેતા, જીતુભાઈ જોટાસણા, યોગેશ ભટ્ટ, ક્રિષ્ના પંડ્યા , જીજ્ઞાબેન ઠકરાર, સલીમ શેખ, વિપુલ ભટ્ટી, કે.પી. પંડ્યા, અનિ ઠાકર, હરીશ દોશી, ગોરધનભાઈ સુરાણી, હસુભાઈ જોશી, અનિ ત્રિવેદી, ભારતીબેન પંડ્યા, સુભાષભાઈ વ્યાસ, ભરતભાઈ રાવલ સહિતનાઓ ઉપસ્થિત રહી સાહિત્યરસમાં તરબોળ થયા હતા.

## જયાંથી દરરોજ હજારો શહેરીજનોની અવરજવર છે તેવો

# અમરેલીમાં પોસ્ટ ઓફિસ પાછળનો માર્ગ નર્કાગારની સ્થિતિમાં

**એક તરફ કેબિનોની હારમાળા અને સામી બાજુ ગંદકીનાં ગંજ અને તેને ફંફોળતી ગૌ-માતાનું દ્રશ્ય રોજિંદુ બન્યુ**

**માર્ગ ઉપરથી પસાર થવું હોય નાકે રૂમાલ બાંધવો પડે તેવી ભયંકર બદબુ આવી રહી છે**

**પાલિકા કચેરીથી માત્ર ૧૦૦ મીટર દૂર આવેલ માર્ગ શહેરની વાસ્તવિકતા દર્શાવી રહ્યો છે**

**દર મહિને લાખો રૂપિયાનો ખર્ચ બાદ પણ શહેરીજનોને બદબુભર્યા માર્ગ પરથી પસાર થવું પડી રહ્યું છે**





અમરેલી, તા. ૧

અમરેલી શહેરમાંથી ગંદકી દૂર કરીને સ્વચ્છતાનો માહોલ ઉભો કરવા માટે દર મહિને પાલિકા ધ્વારા શહેરીજનોનાં પરસેવાનાં લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હોવા છતાં પણ શહેરનાં અંતરિયાળ તો દૂર જાહેર માર્ગો પરથી પણ ગંદકી દૂર થતી નથી અને આવું એક દ્રશ્ય પાલિકા કચેરીથી માત્ર ૧૦૦ મીટર દૂર આવેલ પોસ્ટ ઓફિસ પાછળનાં માર્ગ પરથી સામે આવી રહ્યું છે.

હેડ પોસ્ટ ઓફિસ અને બીએસએનએલ કચેરી પાછળ આવેલ જુના માર્કેટયાર્ડ રોડ પરથી પાલિકા કચેરી તરફ જતો માત્ર ૩૦૦થી ૪૦૦ મીટરનો માર્ગ નર્કાગારની સ્થિતિમાં જોવા મળી રહ્યો છે. આ માર્ગ ઉપરથી દરરોજ હજારો શહેરીજનો પગપાળા, ટુ– વ્હીલર કે કાર ધ્વારા પસાર થઈ રહ્યા છે.

ટ્રાફિક ધરાવતાં માર્ગ ઉપર પોસ્ટઓફિસ પાછળની દીવાલથી લઈને બીએસએનએલની પાછળની દીવાલ

**અનુસંધાન પાના ૬ ઉપર**








અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)